Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૩૪ ● તા. ૧૮ થી ૨૪ ઓગસ્ટ ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14



## વડોદરા નગરે, કે.ડી.ઓ. ભવને પ.પૂ. ગણિવર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.ની નિશ્રામાં થયેલ ભવ્યાતિભવ્ય, ચમત્કારિક ૧૦૮ પદ્માવતી મહાપૂજન

















# શા. હીરજી હેમરાજ મોમાયા (સાંયરા-હુબલી) પરિવારના તારલાઓ...

## હાર્દિક અભિનંદન



**શ્રદ્ધા**
BBA - 71%
માતા-પિતા : સૌ. રાજુલ અનિષ મોમાયા



**જય**
B.Com. - 81.5%
માતા-પિતા : સૌ. ભારતી ભરત મોમાયા



**યશ**
SSLC - 88.88%
માતા-પિતા : સૌ. રાજુલ અનીષ મોમાયા



**નેહલ**
B.Com. : 76%
માતા-પિતા : સૌ. દિપા પ્રફુલ મોમાયા



**મેહુલ**
SGPA : 8.33 (Comp.Sc. Engg.)
માતા-પિતા : સૌ. ચેતના પ્રવિણ મોમાયા



**અક્ષય**
SSLC - 67%
માતા-પિતા : સૌ. જયશ્રી લક્ષ્મીચંદ મોમાયા



**યાશિકા**
Computer Application 'A' Grade
માતા-પિતા : સૌ. બીના ગિરીશ મોમાયા



**વૃષિકા**
PUC (I) - 84.50%
માતા-પિતા : સૌ. સોનલ અજય મોમાયા

**M. 09448135680**

**આદ્યતંત્રીઓ**

"પ્રકાશ"
ડો. વેલજી પાશ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | - |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | - |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## પ્રતિક્રમણ ભાવ અને ક.દ.ઓ. જ્ઞાતિનું સમાજ જીવન

કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના સમાજજીવન કે જાહેરજીવનની તપાસ કરીએ તો જણાય છે કે કમ સે કમ ઇ.સ.૧૮૯૧થી આજ સુધી અન્ય કોઈ જ્ઞાતિમાં થયા હોય તેનાથી વધુ વિવાદ અને સંવાદ બન્ને આ જ્ઞાતિમાં થયા છે.

અલબત્ત, આ વિવાદ અને સંવાદનું સ્વરૂપ હમેશા બદલાતું રહ્યું છે. ઇ.સ.૧૮૯૧થી ૧૯૩૦ સુધીના વિવાદો અને સંવાદો, જ્ઞાતિના સમાજજીવન કે જાહેરજીવનનું સ્વરૂપ કેવું રહેવું જોઈએ તે બાબત ઘડતર સંબંધ વિવાદ અને સંવાદનું રહ્યું છે.

ઇ.સ.૧૯૩૧થી અનંતનાથ ટ્રસ્ટની સ્કીમ ઇ.સ.૧૯૪૫માં ઘડાઈ ત્યાં સુધી આદર્શવાદ વિરૂધ્ધ વ્યવહારવાદ વચ્ચેની ટક્કર અંગે વિવાદ અને સંવાદ થયા જેના પરિણામે ૧૯૪૭માં ભરાયેલ પ્રથમ જ્ઞાતિ સમેલનમાં ઘણી નવી વાતો આવી અને સર્વાંગીણ પ્રગતિ માટેનો પાયો રચાયો. તે પછીના બે દાયકા સંમેલનમાં રજુ થયેલા આદર્શો - ઠરાવોના પાલન અંગે વિવાદ અને સંવાદ થતા રહ્યા.

તે પછી હુબલી ખાતેના બીજા સંમેલનમાં ઇ.સ.૧૯૭૯માં ઔપચારિક મિલન વખતે સંવાદનું વાતાવરણ જણાયું. પણ પાછળથી ખબર પડી કે ઘણાં લોકોએ મનમાંની વાત કહીજ નહોતી અને એમના મનમાં તો વિવાદ જ ચાલી રહ્યો હતો.

બીજા સંમેલનથી ૧૧-૧૨ વર્ષ પછી યોજાયેલા મુંબઈ ખાતે મળેલ જ્ઞાતિ સંમેલન (ઇ.સ.૧૯૯૧) સુધી સંવાદ માટે પ્રયત્ન કરવામાં આવ્યો. પણ ત્રીજા સંમેલન વખતે અને તે પછી થયેલા વિવાદો બતાવે છે કે સંવાદનો દેખાવ દંભ હતો.

તે વખતથી આજ સુધીએ દંભનો વિસ્તાર અને ગહનતા બને વધતા ગયા છે.

આ પાર્શ્વભૂમાં અત્યારે (અનંતછાયા)ના વેચાણ અંગે વિવાદ થઈ રહ્યો છે. સંવાદ માટેની ભૂમિકા ઊભી થાય એવી શક્યતા અંગે ખાસ પ્રયત્નો થયા નથી. સમાજનો વગદાર વર્ગ આ અંગે પહેલ કરવા તૈયાર નથી.

આ બધી વાતોને સર્વાંશે લઈએ તો જણાય છે કે પ્રતિક્રમણ ભાવજ ક.દ.ઓ. જૈન જ્ઞાતિના સમાજજીવનમાં સંવાદ લાવી શકે સૌથી પહેલા તો જે લોકો વિવાદમાં નથી એ લોકો પોતાની જાતને ઢંઢોળે કે તેઓએ જે મૌન જાળવ્યું તે ધાર્મિકતા છે કે ભીરુતા? જો એ ધાર્મિકતા હોય તો સારી વાત છે ભીરૂતા હોય તો ત્યાંથી પ્રતિક્રમણ કરવું જ પડશે. કેમકે જો એ ધાર્મિકતા હોય તો તેનાથી ઊભી થતી નૈતીક તાકાત જ અનેક અનર્થોને રોકવા પૂરતી થઈ પડે.

સામે પક્ષે જે લોકો સક્રિય છે તેઓ પણ પોતાની જાતને ઢંઢોળે કે તેઓ કઇ પ્રેરણાથી સક્રિયતા દાખવી રહ્યા છે. ક્યાંક એવું નથી ને કે જ્ઞાતિ ઉત્કર્ષનો ઉદ્દેશ બાજુપર રહી ગયો હોય અને અહમ મુખ્ય પ્રેરણા બની ગયો હોય!

જે હોય તે આ વર્ષના પર્યુષણ અને ક્ષમાપના પર્વ જે વાતાવરણમાં થઈ રહ્યા છે કમ સે કમ દંભ, ભીરૂતા અને અહમથી છૂટકારો મેળવવા માટે પ્રતિક્રમણની ભાવના કેળવવા યોગ્ય ગણાશે કેમકે એનાથી જ કોઈ સંવાદની શક્યતા ઊભી થશે.

*- ચંદ્રસેન મોમાયા*

### ક્ષમાયાચના



**વીતેલા સંવત્સરમાં આપ સૌ કોઈ જીવોનું જાણતાં-અજાણતાં કોઈપણ પ્રકારે મન દુભવ્યું હોય તો આજે પર્વનાં પવિત્ર વાતાવરણમાં સહૃદયે મિચ્છામિદુક્કડમ્...**



*- "પ્રકાશ-સમીક્ષા" પરિવાર*

## સાંપ્રતની સમસ્યા : સ્ત્રી શિક્ષણમાંથી જાગતી સમસ્યા...

સ્ત્રીશિક્ષણની આવશ્યકતા વિષે કોઈ શંકાને સ્થાન નથી એથી આગળ વધીને તેની અનિવાર્યતા અને ગતિવિધિ વિષે વિચારવું જરૂરી છે. સ્ત્રીશિક્ષણથી કેવળ સ્ત્રીનેજ લાભ થાય છે એવું નથી. શિક્ષિત સ્ત્રી પોતાના બાળકોને ભણાવશે એ પણ નિહિત છે તો સાથે સાથે કુટુંબ-પરિવારમાં પણ સ્નેહ-સમર્પણની ભાવના જગાડશે અને સામાજિક સંબંધોમાં પણ મીઠાશ રેડી શકે છે. અને પરિણામે સમાજના ઉત્કર્ષમાં યોગદાન આપી શકે છે. એક જમાનો હતો કે જ્યારે સ્ત્રીને ઘરસંસાર સંભાળવાનો હોઈ શિક્ષણની જરૂરત નથી એમ મનાતું પણ એ સમય વીતી ચૂક્યો છે. આજે છોકરીઓ ખુદ શિક્ષણ પામવાનો આગ્રહ રાખી રહી છે એટલું જ નહિ પણ કેટલાક ક્ષેત્રોમાં છોકરાઓ કરતાં પણ આગળ વધી રહી છે. આ એક શુભ ચિહ્ન છે. મોટા શહેરોમાં જ નહિ પણ નાના શહેરોમાં અને ગામડાઓમાં પણ શિક્ષણનો પ્રસાર વધ્યો છે. આધુનિક શિક્ષણે, સ્ત્રીઓ માટે આર્થિક સ્વતંત્રતાના દ્વાર ખોલી આપ્યા છે. સારા પગારે નોકરી કરે છે. કમાણી કરે છે અને કુટુંબને એથી સહાય પણ મળે છે. પરંતુ અંગ્રેજીના માધ્યમે એમને માતૃભાષા અને આપણી સંસ્કૃતિથી વંચિત કરી દીધી છે અને પશ્ચિમની સંસ્કૃતિ અને જીવનશૈલીને અપનાવી લીધી છે. આ ગંભીર વિષમતા વિષે જાગૃત થવું જરૂરી છે.

શ્રી જગજિત સિંહની એક ગઝલ “એ ખુદા મુઝે દો જિંદગાની દે”. ખુદાને વિનવે છે કે હે ખુદા મને બે જિંદગી આપ કેમકે એક જિંદગી પ્યાર કરવા માટે ઓછી પડે છે. કોઈને બે જિંદગી મળી નથી એ સર્વ વિદિત છે. પણ વિચારીશું તો જણાશે કે આપણે એક સાથે બે જાતનું જીવન જીવીએ છીએ. એક છે બહારનું, સ્વાર્થનું, સમાજનું, વ્યવહારનું અર્થાત ધન-દોલતનું. બીજું છે અંતરનું, લાગણીનું, ભાવનાનું અર્થાત્ અધ્યાત્મનું-આત્માનું . આપણા જાગૃત જીવનનો ઘણો ભાગ બાહ્ય જીવનમાં જ પસાર થાય છે પરંતુ જીવનમાં એવી પળો પણ આવે છે જ્યારે આપણું મન જીવનનો તાગ મેળવવા જીવનના રહસ્યને પામવા ઝંખે છે. માનવ જીવનમાં રહેલી આ સંભાવના આપણા જીવનને સ્પર્શે છે, વિસ્મય પમાડે છે પરંતુ એ તરફ જોવાની આપણને ફુરસદ હોતી નથી અને તેમાંથી જન્મે છે વિષમતા. શિક્ષણમાં આર્થિકથીયે વિશેષ ધ્યાન જીવનના ઉત્કર્ષ ઉપર હોવું જરૂરી છે. એ વિના સુખ શાંતિનો અનુભવ થવો મુશ્કેલ છે.

કુદરતે સ્ત્રી-પુરુષને બધું સમાન આપ્યું છે. પુરુષ હોય કે સ્ત્રી, કુદરતે બન્નેને બુદ્ધિ સાથે લાગણી પણ આપેલ છે. આમ છતાં પણ પુરુષ મહદ અંશે બુદ્ધિથી દોરવાય છે. જ્યારે સ્ત્રી લાગણીથી. બુદ્ધિ અને લાગણીના સંઘર્ષમાંથી જન્મે છે વિષમતા. જરૂરત છે બનેના ઉચિત સમન્વયની.

સ્ત્રી જ્યારે આધુનિક શિક્ષણ પામીને આર્થિક ક્ષેત્રે પગલા માંડે છે ત્યારે અંતરના ઊંડાણમાં છુપાયેલી લાગણીને દબાવીને, અવગણીને બધું જ ધ્યાન કેળવી આર્થિક ઉપાર્જન પ્રતિ કેંદ્રિત કરે છે. કદાચ આ એક સંજોગવશાંત ઉપસ્થિત થયેલી આવશ્યકતા હોય એનો ઇન્કાર નથી પણ એક તો ઉચ્ચ શિક્ષણ મેળવવામાં ૨૦-૨૨ વર્ષ વીતી જાય છે એ પછી ચાર-પાંચ વર્ષ કારકિર્દી વિકસાવવામાં વીતી જાય છે ત્યારે આંતરિક ભાવના પ્રબળ થાય છે પણ સમય વીતી ચૂક્યો હોય છે. યોગ્ય પાત્ર મળતું નથી. ઉપરાંત બુદ્ધિનો ઘમંડ વધી ગયો હોય છે. ઈચ્છા-અપેક્ષાઓ વધી ગઈ હોય છે અને બાંધછોડ કરવાની માનસિકતા પણ જતી રહી હોય છે. અહિંથી જાગે છે મનોરોગો, ડીપ્રેશન, ઉત્તેજક દવાઓ અને એની આડઅસરો. જીવન ખુદ બની જાય છે એક સમસ્યા. સ્ત્રી-પુરુષના સંબોધોમાં જે વિશ્વાસ હોવો જોઈએ તેના મૂળમાં જ ઘા. એક મંતવ્ય એવું પણ છે કે મોટી ઉંમરે લગ્ન કરનારને સમયાનુસાર સંતાન પ્રાપ્તિની શક્યતા ઓછી થતી જાય છે એટલે જો બાળક ન થાય તો પણ એ બાબત માનસિક અસંતોષનું કારણ બની જાય છે. સંતાનપ્રાપ્તિ માટે પણ દવાઓ લેવી પડે છે અને તેની આડઆસરના ભોગ પણ બનવું પડે છે. આના પરિણામે વધુ વિચાર્યા વિના આંતરજ્ઞાતિય લગ્નો વધે છે.

આ બધાની અસર સમાજજીવન પર પણ પડે છે. “કોંટ્રેક્ટ લિવિંગ ટુગેધર” કરાર આધારિત સહજીવન એટલે મૂળમાં જ અવિશ્વાસ, કરારભંગ એટલે છૂટાછેડા, ફરી જ્યાં હતા ત્યાંના ત્યાં. નવો કરાર? પછી...? સ્ત્રીનો સ્વભાવ લાગણી પ્રધાન હોવાથી પરિણામ આપઘાત અથવા પુરુષજાતી પર્યાપ્ત તો નહિ જ. પરંતુ અગર શિક્ષિત બહેનો લગ્ન ન કરે કે ન કરી શકે તો પુરુષો, એમના સ્વભાવમાં રહેલા તત્ત્વોને કારણે સ્ત્રી પ્રતિ અત્યાચાર આચરે તો એની ઘેરી અસર સમાજજીવન પર પડે કે નહિ? માતાપિતાની સાથે સમાજની એ જવાબદારી છે કે આ બધું વિચારે અને યોગ્ય માર્ગ શોધે. જીવનમાં આર્થિક વિકાસનું મહત્ત્વ સ્વીકારવા છતાં કેવળ આર્થિક વિકાસમાં જ બધું સમાઈ જાય છે એ વાત સ્વીકાર્ય ન જ બની શકે, ન બનવી જોઈએ. જીવન જે કુદરતનો ઉપહાર છે, સ્નેહ-સમર્પણનું સ્થાન છે એને અવગણીને જે પ્રગતિ થશે એ વિનાશ તરફ દોરી જનારી જ હશે. ***(સંકલિત)***

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO
દશાઓની *નવી* દિશા

## સમગ્ર જ્ઞાતિજનોને મિચ્છામિ દુક્કડમ્



મહિના, વરસ અને વખતના નિરંતર વહેણમાં,
વિચાર, કર્મ અને શબ્દના વહેણથી
જાણે અજાણે કે ઓછા વર્તનથી,
ભૂલથી પણ ભૂલ કોઈ થઈ ગઈ હોય તો,
યાચીએ છીએ ક્ષમા સૌની સાચા, નિર્મળ મનથી...



# Michhami Dukkadam

લી.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
શ્રી અનંતનાથાજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
માતોશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ
શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ તથા સર્વ વિવિધ સમિતિઓ
શ્રી કચ્છી દશા ઓસવાલ મસ્જીદબંદર જૈન સંઘ
શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ, ભાંડુપ
વતીથી
**શ્રી ક.દ.ઓ. કાંજુરમાર્ગ જૈન સંઘ**
સર્વે પદાધિકારીગણ, ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો તથા કર્મચારીગણ

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

કાર્યાલય : પદમ ભુવન, નહેરૂ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના સર્વે મહાજનશ્રીઓ/એકમો અને જ્ઞાતિજનો,**

દેવાધિદેવ શ્રી વિતરાગ પ્રભુ અનંતનાથ દાદાની દિવ્ય કૃપા અને પૂ.અચલગચ્છાધિષ્ઠાયિકા મા ભગવતી શ્રી મહાકાળીમાના અસીમ આશિષથી આપણી દોઢ વરસથી વધુ જહેમત બાદ હવે જ્ઞાતિના ૮મા વસતિપત્રક માટે જ્ઞાતજનોની માહિતિઓ એકઠી કરવા **ફોર્મની** સમસ્ત ભારતભરમાં અને વિદેશ સહિત ૬૦૦થી વધુ વિસ્તારોમાં રહેતાં આપણાં જ્ઞાતિજનોને પહોંચાડવા વિતરણ વ્યવસ્થા શરૂ થવાના આખરી તબક્કામાં પહોંચી છે.

આ વસ્તીપત્રકનાં ફોર્મ, સામાન્ય વસ્તીપત્રકનાં ફોર્મ કરતાં કઈક વિશિષ્ટ અને અલગ પ્રકારના રહેશે. તેની વિગતવાર જાણ દરેક જ્ઞાતિજન માટે ખુબ જ ઉપયોગી નિવડશે એવી અપેક્ષા રાખીએ છીએ.

(૧) સૌ પ્રથમ આ વખતે, ૭મા વસ્તીપત્રકની સર્વે માહિતિ જે વ.પ.સ. પાસે ઉપલબ્ધ છે, તે સર્વે માહિતિઓ પ્રથમથી જ ફોર્મમાં છાપીને મોકલવામાં આવે છે. એટલે હવે ફોર્મની માહિતિઓમાં જ્યાં સુધારા વધારા જરૂરી હોય ત્યાંજ સુધારા કરવાના રહેશે. ઉપરાંત બીજી અન્ય નવી માહિતિઓ અંગે ફોર્મમાં વિગતો ભરવાની રહેશે અને આપશ્રીના કુટુંબની કે કુટુંબના સભ્યોની વ્યક્તિગત માહિતિઓ અંગે સુધારા-વધારા હોય તે જ લખવાનું રહેશે.

૨) સૌ પ્રથમ દરેક જ્ઞાતિજનનાં કુટુંબદીઠ એક, એટલે કે પારિવારિક માહિતિ માટે એક-એક અલાયદું ફોર્મ મોકવવામાં આવશે. જેમાં કુટુંબ અંગેની માહિતિઓ લખવાની છે. બીજું કુટુંબનાં જેટલા સભ્યો છે એટલા સભ્યોની વ્યક્તિગત માહિતિઓ માટે એટલે ફોર્મ અને તે પણ તે સંબંધિત એડ્રેસ પર રહેતા હોય તેટલા સભ્યોનાં જ ભરેલા ફોર્મ મોકલવામાં આવે છે. દા.ત.. એક કુટુંબમાં ૭ જણ છે. તો એક કુટુંબનું ૧ ફોર્મ + ૭ સભ્યોનાં વ્યક્તિગત માહિતીના ૭ ફોર્મ એટલે કે કુલ ૮ ફોર્મ, પણ જો ૭ સભ્યોમાંથી બે સભ્યો ત્યાં એ એડ્રેસપર નથી રહેતાં તો તેને કુટુંબને ૧+૫ = ૬ ફોર્મ જ મોકલવામાં આવશે. અને બે સભ્યો જ્યાં અલગથી બીજા ગામમાં રહેતા હશે ત્યાંના સરનામે ત્યા ૧+૨=૩ ફોર્મ મોકલવવામાં આવશે.

૩) આ બન્ને જાતનાં ફોર્મસ્ ભરવા, છણાવટપૂર્વક સમજ આપવા અંગ્રેજી અને ગુજરાતીમાં માર્ગદર્શિકા પણ દરેક કુટુંબ દીઠ એક સેટ મોકલવામાં આવશે. જેથી ફોર્મમાં માહિતિ ક્યા પરિપ્રેક્ષ્યમાં ભરવાની છે. તેના વિષે સમજ પ્રાપ્ત થઈ શકે.

૪) વસ્તીપત્રકમાં આપણે સમસ્ત જ્ઞાતિજનોનાં ફોટા છાપી તો નહીં શકીએ પણ વેબ સાઈટ પર ONLINE આપણે દરેક જ્ઞાતિજનોનાં ફોટાઓ Display કરી શકશું. તે માટે ફોર્મમાં દરેક સેટ સાથે ફોટાઓ માટે પ્લાસ્ટીકની થેલી પણ મૂકવામાં આવી છે. જેથી દરેક સભ્યોના કુટુંબના ફોટોઓ (પાછળ નામની વિગતવાળા) WEBSITE પર ONLINE બતાવી શકશું. (ઉપરાંત આપણાં સ્વર્ગવાસી બધાજ વડીલોનાં ફોટાઓ પણ વસ્તીપત્રક પ્રકાશન પછી થોડા સમયબાદ તતકાલીન વિગતવારની જાહેરાત મુજબ દરેક જ્ઞાતિજન પોતપોતાનાં સ્વ. વડીલોનાં ફોટાઓ પણ પોતાના ઘરેથી જ કોમ્પ્યુટરમાંથી Up Load કરી શકશે.) જેથી કુટુંબનાં વડલામાં તે ફોટાઓ જોઈ શકાશે.

૫) આ ૮મા વસતિપત્રકનાં ૨ અંકો + ૧ એડ્રસબુક + ૧ લગ્નોત્સુક ઉમેદવારોની યાદીની પુસ્તીકા સહિત કુલ્લે ૪ પુસ્તકોનાં પાનાંની નીચેનાં ભાગમાં એક-એક લાઈનની સૌજન્ય પટ્ટીની જાહેરાત અને આખા પાનાંની વિવિધ જાહેરાતોનાં બુકીંગ માટે ૧ વિનંતી પત્ર પણ મોકલવામાં આવેલ છે.

આમ દરેક મહાજનશ્રીઓને તેમનાં વિસ્તારમાં અને અન્ય છૂટાછૂવાયાં કુટુંબો, જ્યાં મહાજનશ્રીની કોઈ વ્યવસ્થા નથી ત્યાં રહેતાં સર્વે જ્ઞાતિજનોની માહિતિ ભરેલાં ફોર્મની પ્લાસ્ટીકની થેલીઓ તેમણે તે તે સંબંધિત એકમશ્રીનાં માધ્યમે પહોંચતાં કરવામાં આવશે.

મહાજનશ્રીઓ પોતપોતાનાં વિસ્તારનાં વ.સ.નાં તેમનાં પ્રતિનિધિઓને સાથે રાખી દરેકે દરેક જ્ઞાતિજનોને આ ફોર્મસ્ પહોંચાડી, ફોમર્સ અંગેની સમજ આપી, વહેલામાં વહેલી તકે ભરાવી, ફોટાઓ સાથે પાછા એ જ થેલીમાં મહાજનશ્રી પોતાના એકમનાં માધ્યમે વ.પ.સ.ને મુંબઈ તાત્કાલીક રીતે મોકલાવશે. પણ દરેક ફોર્મની વિગતોની પૂરી ચકાસણી બાદ) અથવા એકમશ્રીને સંપર્કમાં રાખીને પછીજ મહાજનશ્રી અથવા એ વિસ્તારોનાં જ્ઞાતિજનો વસતીપત્રક સમિતિ મુંબઈને ભરેલા ફોર્મ પરત કરી શકશે.

એકમ/મહાજનશ્રીના અધિકારીઓ અને વ.પ.સ.નાં પ્રતિનિધિઓ સાથે મળીને દરેક પાનાંની નીચેની સૌજન્ય પટ્ટી/જાહેરખબરો અંગે પણ કાળજી રાખી, જ્ઞાતિજનો પાસેથી જાહેરાતની વિગતો/પેમેન્ટ સાથે લઈ, એકમશ્રીને સંપર્કમાં રાખી વ.પ.સ.ને મોકલાવી શકશે. જાહેરાતનો પેમેન્ટ ચેક/ડ્રાફ્ટ/RTGS દ્વારા જ કરવામાં આવે એવી વિનંતી છે.

વહીવટી સંચાલનની સરળતા માટે દરેકે દરેક જ્ઞાતિજનાં ફોર્મ/જાહેરાત બાબતે મહાજનશ્રીઓ/એકમો / પ્રતિનિધિઓઅને વ.પ.સમિતિ સતત એક બીજાનાં જાગૃત/LIVE સંપર્કમાં રહેવું ખૂબ જ આવશ્યક છે.

વ.પ.સ.ના આ સમગ્ર કાર્યને ઉત્સાહપુર્ણ જાગૃત રાખવા સમગ્ર વિશ્વમાંથી સંપૂર્ણરીતે ભરેલા પ્રથમ ૧૪ કુટુંબોનાં ફોર્મસ્ને સન્માનનીય એવોર્ડ વ.પ.સ.. દ્વારા આપવામાં આવશે. તેમજ ૭૫ વધુ કુટુંબના વસવાટવાળા મહાજનશ્રીઓ/છૂટા છૂટા વિસ્તારોમાંથી પણ પોતપોતનાં સંપૂર્ણ ગામેગામનાં બધા જ જ્ઞાતિજનોનાં ફોમસ્ ભરાવીને વ.પ.સ.ને મોકલનારા પ્રથમ ૧૪ ગામોનો પણ K.D.O. જ્ઞાતિનાં આદર્શ જ્ઞાતિપ્રેમી અને જાગૃત મહાજનશ્રી/ગામ તરીકે સન્માનનીય એવોર્ડ આપવામાં આવશે.

છેલ્લે KDO જ્ઞાતિનાં વસતિનાં ૬ મુખ્ય ઘટકો ૧) મુંબઈ મહાજનશ્રી ૨) મહારાષ્ટ્ર એકમ ૩) કચ્છ એકમ ૪) પશ્ચિમ ભારત એકમ ૫) ઉત્તર ભારત એકમ ૬) દક્ષિણ ભારત એકમ એમાંથી જે મુખ્ય ઘટકનાં સંપૂર્ણ ફોર્મસ્ (૧૦૦%) ગામેગામ વિસ્તારનાં દરેક જ્ઞાતિજનોનાં ફોર્મસ્ સૌથી પહેલાં ભરાઈને આવશે તેને K.D.O. જ્ઞાતિની શ્રેષ્ઠ, જાગૃત અને જ્ઞાતિપ્રેમી BEST K.D.O. સંસ્થાના બિરૂદ સાથે સન્માનનીય એવોર્ડ આપવામાં આવશે.

આ એવોર્ડ અંગેની વિગતવાર માહિતિ હવે પછીની જાહેરાતમાં આપવામાં આવશે. જેને દરેક સંસ્થાઓ/મહાજનશ્રી/એકમશ્રીઓનાં અધિકારીઓને વાંચવા નમ્ર વિનંતી છે.

દરેક જ્ઞાતિજન/મહાજનશ્રી/એકમ/જ્ઞાતિ સંસ્થાઓનાં સર્વે પદાધિકારીઓને નમ્ર અપીલ.. આઠમા વસ્તીપત્રકના પ્રકાશન માટેની સર્વે તૈયારીઓ/કાર્યવાહીઓને fully ડીઝાઇન/પ્લાનીંગ કરી ફોર્મ જ્ઞાતિજનોને એકમો મારફતે પોચાડવામાં આવી રહ્યા છે. ત્યારે આપ સૌનો સાથ અને સહકાર અનિવાર્ય છે. આ ભગીરથ મહાન કાર્યમાં દરેકનું યોગદાન આવકારદાયક અને અભિનંદનીય છે.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ વતી**

**વિનોદ ધુલ્લા (માનદમંત્રી)**

॥ શ્રી આદિ અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO દશાઓની નવી દિશા

ની વિનંતીને માન્ય રાખી

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ
## શ્રી ક.દ.ઓ. મસ્જીદબંદર જૈન સંઘ
## શ્રી ક.દ.ઓ. કાંજુરમાર્ગ જૈન સંઘ

ઉપરોક્ત સંઘોએ પોતાની ગોઠવાયેલી ચૈત્યપરિપાટીની તારીખોમાં ફેરફાર કરી

**મુંબઈ મહાજનશ્રી દ્વારા ઘાટકોપર - ઝવેરબેન સભાગૃહમાં યોજાનારા તપસ્વી બહુમાન - સામુહીક ક્ષમાપના તથા સમુહ સાંજી કાર્યક્રમ તા. ૨૬-૮-૨૦૧૨ મા 'ચૈત્યપરિપાટી' ગોઠવી છે.**

## ચૈત્યપરિપાટીની અંદાજીત રૂપરેખા

સવારે ૬.૦૦ કલાકે...........પોતાના ગંતવ્યસ્થાનથી બસ દ્વારા પ્રસ્થાન

સવારે ૭.૦૦ કલાકે.........અનંતનાથ જિનાલય - મસ્જીદબંદરમાં સંઘ દ્વારા સામૈયુ બાદ દર્શન તથા પ.પૂ. સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા તથા યતિવર્ય મોતીસાગરજી મ.સા. ને સાંવત્સરીક ક્ષમાપના ત્યાર બાદ નવકારશી બાદ પ્રસ્થાન

સવારે ૯.૦૦ કલાકે...........વડાલા-દર્શન, પ.પૂ. ગુણમાલાશ્રીજી મ.સા. આદિ ઠાણાને સાંવત્સરીક ક્ષમાપના બાદ માટુંગા - દર્શન, પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાને સાંવત્સરીક ક્ષમાપના

સવારે ૧૦ થી ૧૨.૩૦......ઘાટકોપર - ઝવેરબેન સભાગૃહ મધ્યે તપસ્વી બહુમાન - સામુહીક ક્ષમાપના તથા સમુહ સાંજી કાર્યક્રમ તથા 'નાત - જમણ'વાપરયા બાદ પ્રસ્થાન

બપોરે ૧.૦૦ કલાકે...........બાન્દ્રા - દર્શન, પ.પૂ. અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણાને સાંવત્સરીક ક્ષમાપના બાદ જોગેશ્વરી -દર્શન, પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરજી મ.સા. ને આદિ ઠાણાને સાંવત્સરીક ક્ષમાપના ચોવિહાર બાદ પોત-પોતાની ગોઠવણ મુજબ પ્રસ્થાન

ઉપરોક્ત પ્રોગ્રામમાં ફેરફાર શકય છે.

જ્ઞાતિના અન્ય મંડળ-સંસ્થા-સંઘોને પણ વિનંતી...
આપનો કાર્યક્રમ ઉપરોક્ત મુજબ ગોઠવવા વિનંતી.

ચૈત્ય પરિપાટીમાં જોડાવા માટે,જ્ઞાતિજનોએ પોતાના નામ ભાંડુપ-કાંજુરમાર્ગ-મસ્જીદબંદર મધ્યે રૂા. ૧૨૫/- ભરી નોંધાવવા વિનંતી.

**ધાર્મિક સમિતિ કન્વીનર : કુમાર બાબુભાઇ દંડ - ૦૯૩૨૨૬૮૦૦૦૮**
**સભ્યો :** મધુરીબેન મુલચંદ લોડાયા, પ્રફૂલ ચીમનભાઇ મોતા, ગુલાબ ડુંગરશી ધરમશી
કમલેશ શીવજી શિયાલ, કીરીટ ઉમરશી છેડા

## પાસ થયા – હાર્દિક અભિનંદન !


ઉર્મી હીરેન વિકમશી
(સાંગલી)
B.E.(Elctro-Engg.)-66%


શ્રધ્ધા અનિષ મોમાયા
(હુબલી)
MBA (VI) - 71%


જય ભરત મોમાયા
(હુબલી)
B.Com. (VI) - 81.5%


નેહલ પ્રફુલ મોમાયા
(હુબલી)
B.Com (VI) - 76%


યશ અનિષ મોમાયા
(હુબલી)
SSLC - 88.88%


મેહુલ પ્રવીણ મોમાયા
(હુબલી)
Comp. Sc. Engg.


યાશિકા ગિરીશ મોમાયા
(હુબલી)
BCA - A Grade


અક્ષય લક્ષ્મીચંદ મોમાયા
(હુબલી)
SSLC - 67%


વૃષિકા અજય મોમાયા
(હુબલી)
F.Y.B.Com. - 84.50%


ધીરજ અજય દંડ
(પુના)
PGDBM - 67%


દેવેશ હીરાચંદ નાગડા
(ભાંડુપ)
M.B.A. (H.R.)


દિપેશ સોમચંદ ખોના
(ઘાટકોપર)
CA


પીન્કી હરીશ મોતા
(ડોંબિવલી)(કોલેજમાં પ્રથમ)
MCA (IV) - 75.11%


હેમાંગી હરીશ મોતા
(ડોંબિવલી)
F.Y.B.Com.(BEE)-60.33%


પ્રિયંકા શરદ મૈશેરી
(બેલ્લારી)
CAIPCC - 58%


ગુંજન વિપીન મોમાયા
(ભોપાલ)
BCA - 78.5%


કૃતિકા નિતીન નાગડા
(બાગલકોટ)
PUC-II - 81.6%


તેજલ અજય દંડ
(પુના)
BCA - 63.12%

## શ્રી કલ્પસૂત્ર (પર્યુષણ કલ્પ)–ટૂંકી તવારીખ

જૈનોની શ્વેતામ્બર પરંપરામાં પર્યુષણના દિવસો દરમ્યાન "કલ્પસૂત્ર"ની વાંચના થાય છે. છેલ્લા ચરમ શ્રુતકેવલી પૂ.શ્રી ભદ્રબાહુસ્વામી રચિત "દશાશ્રુતસ્કંધ" નામના વિસ્તૃત ગ્રંથનું આઠમું અધ્યયન "પર્યુષણકલ્પ" છે. જે **"કલ્પસૂત્ર"** નામથી ઓળખાય છે.

કલ્પ એટલે આચાર, કલ્પ એટલે નીતિ, વિધિ અથવા સમાચારી, વાચક ઉમાસ્વાતિજીએ કહ્યું છે તે પ્રમાણે જ્ઞાન, શીલ અને તપની જે વૃધ્ધિ કરે અને દોષોનો નિગ્રહ કરે તે કલ્પ, લોકોત્તર પર્વ પર્યુષણ દરમ્યાન કલ્પસૂત્રનું વાંચન અને શ્રવણ અત્યંત પવિત્ર મનાયું છે. બારસાસૂત્ર તરીકે ઓળખાતા આ ગ્રંથમાં ૧૨૦૦ થી વધુ ગાથાઓ કે શ્લોકો છે. કહેવાય છે કે, અંગ્રેજોએ ભારતમાં અદાલતોની સ્થાપના કરી ત્યારે ધર્મના સોગંદ ખાવા માટે માણસને એના હાથમાં એના ધર્મનો પવિત્ર ગ્રંથ આપવાની પ્રથા ચાલુ થઈ તે સમયે જૈનોએ પોતાના એક પવિત્ર ગ્રંથ તરીકે "કલ્પસૂત્ર"નું નામ માન્ય કરાવ્યું હતું. જર્મનીમાં ડૉ. હર્મન જેકોબીએ કલ્પસૂત્રનો અંગ્રેજી અનુવાદ અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના સાથે પ્રગટ કર્યો ત્યારથી પાશ્ચાત્ય વિદ્વાનોમાં કલ્પસૂત્રનું નામ વિશેષ જાણીતું થયેલું છે. કલ્પસૂત્રની અત્યાર સુધીમાં મળતી જુનામાં જુની હસ્તપ્રત વિ.સં.૧૨૪૭માં તાડપત્ર ઉપર લખાયેલી મળે છે.

તીર્થંકરોના ચરિત્ર, સ્થવિરાવલી અને સાધુઓની સમાચારી એમ ત્રણ વિભાગ ધરાવતા આ પવિત્ર ગ્રંથનું વાંચન સાધુ-સાધ્વીજી ભગવંતો પર્યુષણમાં કરે છે. એનું શ્રવણ કરવાથી શ્રુતજ્ઞાનની આરાધના થાય છે અને પુણ્યબળ મળે છે.

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

**The law of attraction**

We are all working with one power and one law. It is the `law of attraction'. `The law of attraction' responds to our thoughts, no mater whether they are positive or negative. Most people are thinking about what they don't want. `The law of attraction' does not care whether we perceive something good or bad. It simply gives us what we are thinking about. Think positive and get positive. Think negative and get negative. The law of attraction does'nt compute `don't' or `do not' or `no ` to any words of negation. As one speaks words of negation, following is what the law of attraction is receiving;

"I don't want a bad haircut"

I want a bad hair cut"

"I don't want to be delayed"

"I want to be delayed"

When an individual , who desires success and then prepares himself for failure will certainly fail. Therefore one has to prepare oneself for whatever he has asked for even though he does not see any sign or circumstances. To quote an example, there were two brothers and both had to catch the bus. One of them always optimistically says "I get the bus immediately" and he gets the bus. The second one always says that "I have to wait for the bus" and he has to wait for the bus both of them had made different resolutions; one is for the positive for success and the other for failure with negative thinking. A person many a times creates difficulties for him by using negative words.

Make our thoughts before going to sleep good thoughts. Make our first thoughts in the morning good thoughts! Whatever we sow ,we reap! If we are complaining, `the law of attraction' will powerfully bring into our life more situations for us to complain about. We can completely change every circumstance and event in our entire life by changing the way we think. We can erase our previous negative thoughts by replacing them with good positive thoughts. Choose thoughts carefully because we are the creator of our own life. Decide what we really want to be/do/have. Think the thoughts of it, emit the frequency, and our vision will become our life..

**Proverbs are lamps to life**

Speak ill of no man but speak all the good you know of everybody ....

Keep a secret, it is your slave. Tell it, it is your master.

We do not know the value of what we have got, until we lose it.

**Amazing facts**

The average horse eats about 7 times its weight in a year

Birds eat ninety times their weight for each year.

Baby elephants can drink over 80 litres of milk day

**Amazing figures**

The largest civil engineering feat of the 20th century- the twin 31 mile long rail road tunnels- 131 feet beneath the seabed of the English Channel between England and France) is one of the wonders of modern times. The tunnels are being used by conventional freight and passenger trains. They are also used by special rail shuttle cars that carry automobiles and other vehicles to both countries..

The world's first women's military academy is in Libya. The average age of the girl students is between 17 and 25, most of

મિચ્છામિદુક્કડમ્
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

them unmarried. Every girl studies specialized subjects and also undertakes military training.

The institute of scientific research in Venezuela has fabricated a diamond knife, about an inch long, with a cutting edge of 20-25 angstroms thick (one angstrom is one hundredth million of a centimeter) as the instrument is very accurate it is successfully used in delicate eye and brain operation. It is also used to examine tissue sections under the electron microscope.

**Believe it or not**

The desert cricket is a strange looking insect that lives in the Indian and Pakistani deserts. It can disappear into the sands in a few seconds time. It had long weird legs that can dig a hole right underneath it in a jiffy. The ends of the wings of this cricket are curled up together to keep them out of the way when it is digging. As soon as the hole is ready the insect vanishes into it!

**Word power**

Today's word is **"the amazing engineering feat"**. Make as many words as possible from these set of words and send it to Mrs. Neelam Dalesh Momaya. the longest list wins a prize. This week's prize goes to HEMAL D. DHARAMSHI from BELGAON for her 475 words congratulations.

**By the bye**

Religion is the idea which is raising the brute into a man and man into God

***- Swami Vivekananda***

Michammi Dukkaddam to all...


**મનગમતા પાત્રની શોધ**

જીવન છે જીવવા જેવું માણવા જેવું એમાં જો સાથી મળી જાય મનગમતું તો તો વાત જ શું કરવી. મનગમતા સાથીની ખોજ હવે નથી મુશ્કેલ. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવાના વિશાળ ફલક પર અને હજારો, લાખો માઇલ ભલે ને દૂર હોય મનગમતું પાત્ર પણ આપ સહેલાઈથી તેને શોધી શકશો અને પામી શકશો. તો આજેજ અસાંજો કચ્છ ડોટકોમની વેવિશાળ સેવાનો લાભ લો.

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

**Registrar online on : www.asanjokutch.com/matrimonials**




**મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ “તેજ”ની અમૃતવાણી...**

***- સોમ ધરમશી*** (કચ્છ)

***“તડેં પાં ખુશીમેં ખુલા ખિલી વિઠા ઐયું:***
***જડેં જીયણમેં “તેજ” ઘણે ભુલી વિઠા ઐયું”***

**ભાવાર્થ :** “મિચ્છામિ દુક્કડમ્” કે “Forget & Forgive” ના સુત્રના આધારે આ જીવનસ્પર્શી પંક્તિને સમજવાની અને જીવનમાં ઉતારવાનાં પ્રયત્ન કરીએ તો જિંદગાની પારાવાર સુખ, શાંતિ અને ખિલખિલાટથી ભરેલી રહે.

જીવનની આ યાત્રામાં ડગલેને પગલે ક્રોધ, અભિમાન, ઈર્ષ્યા, મોહ માયા જેવા કષાયોના કારણે સંબંધોની દુનિયામાં તીરાડ પડી જાય છે કે ગાંઠ બંધાઈ જાય છે જે છોડયે નથી છુટતી.

પારીવારિક, વ્યવહારીક અને અન્ય સંબંધો વચ્ચે આવતા નાના નાના મતભેદોને મનમાં સંગ્રહી રાખવાથી સંબંધો બગડે છે અને માનસિક તણાવનો અનુભવ થાય છે.

જૈન ધર્મમાં આવા માનસિક તણાવોમાંથી બહાર નીકળવાનો સીધો અને સરળ ઉપાય છે. “સુક્ષ્મમાં સુક્ષ્મ જીવને ખમાવવાનો તેમજ મન, વચન અને કાયાથી જાણતાં/અજાણતાં પણ કોઈનું મન દુભાવ્યું હોય તો માફી માંગીને ભુલી જવાનું.

“ક્ષમા વીરસ્ય ભુષણમ્” ને સાર્થક કરતાં કવિની અમૃતવાણી “જીવનમાંથી કટુ ભુતકાળની બાદબાકી કરતાં મનમાં સ્થાપિત થયેલા વેરઝેરનાં તાંતણાને “મિચ્છામિ દુક્કડમ્” માંગી ભુલી જવા કહે છે જેથી જીવનબાગ સદા મઘમઘતો મહેકી રહે.

**ચાતુર્માસ આરાધના-પર્વ ઉજવણીના સમાચાર**

દરેક સંઘે પુ. ગુરુવર્યોની નિશ્રામાં કે આરાધકોની માર્ગદર્શને સુંદર ધર્મ આરાધના અને પર્વ પર્યુષણની ઉજવણી કરી હશે. સંઘના સમાચાર લખી સમયસર મોકલવા અનુરોધ છે. નિશ્રા-આરાધક, વિશેષ અનુષ્ઠાન, તપસ્યા, ઘૃત ઉછામણી, અઠ્ઠાઈ ઉપરની તપસ્વી યાદી (કોઈ એકજ ઠેકાણે કરી હોય તે) અને ચૈત્ય પરિપાટી આદિ આયોજનની વિગતવાર નોંધ મોકલશો.

## "પ્રકાશ સમીક્ષા"ના વાચકો, અંક ન મળ્યાની કે મોડા મળવાની ફરિયાદ

"પ્રકાશ-સમીક્ષા" સાપ્તાહિક દર મંગળવારે ટપાલ દ્વારા મોકલાય છે. આ અંકો એરીયા પ્રમાણે જુદા પાડી જુદા જુદા બંડલો બાંધીને મુંબઈ GPOની પત્રિકા ચેનલ ખાતાને સુપરત કરવામાં આવે છે. જેની પહોંચ મળે છે. આ કારણે મુંબઈમાં બે દિવસમાં જ અંકો મળી જાય છે. જ્યારે બહારગામ અંકો મોડા મળે છે. આજે કારોબાર વ્યાપ વધ્યો છે તેમ ટપાલીઓની સંખ્યા વધતી નથી. ટપાલ છાંટણીવાળો સ્ટાફ પણ અપૂરતો છે. જેને કારણે અંકો મોડા મળતા હોય છે, આવી ફરિયાદ સતત હોય છે.

અમારી જવાબદારી દર મંગળવારે નિયમિત રીતે અંકો ટપાલ ખાતાને આપવાની હોય છે. જે અમે નિષ્ઠાપૂર્વક બજાવીએ છીએ. અને પ્રોપર સોર્ટીંગ કરી દરેક ને જલ્દી મળે તેવા સર્વ પ્રયત્ન કરીએ છીએ. તેમ છતાં ટપાલ ખાતાની અપુરતી વ્યવસ્થાને કારણે ઝડપી સેવા મળતી નથી.

હવે જે ગ્રાહકો અંકો મોડા મળવાની કે ન મળવાની કાયમી ફરિયાદો કરતા હોય છે, તે ગ્રાહકો જો પોતાના એરિયાની પોસ્ટ ઓફીસમાં લેખિત ફરિયાદ કરશે અને તેની કોપી હેડ પોસ્ટ ઓફીસ (GPO પત્રિકા ચેનલ પોસ્ટ ઓફીસને) મોકલીને અમને જાણ કરશે, તો તેમની ફરિયાદનો ઉકેલ આવી જવાની શક્યતા છે. ટપાલી તેમને ચીવટથી પ્ર.સ.ના અંકો અને અન્ય ટપાલ નિયમિત રીતે આપી જશે એવી અમને આશા છે. એટલે ગ્રાહકો સ્થાનિક પોસ્ટ ઓફીસમાં અંકો ન મળ્યાની કે મોડા મળતા હોવાની લેખિત ફરિયાદ કરે, એવી અમારી નમ્ર વિનંતી છે. આ વિધિ કર્યા સિવાય અમને ફોન/પત્ર દ્વારા સતત ફરીયાદ કરવાથી કશું થઈ શકશે નહીં અને અમે તેનું સમાધાન આપી શકીએ નહીં.

પ્ર.સ.એ રજીસ્ટર્ડ પત્ર છે. દરેક પરિવારને નિયમિત મળવું જ જોઈએ. સ્થાનિક ટપાલ કચેરીમાં લેખિત ફરીયાદ સાથે જુનો કોઈ અંક બતાવશો અને પોસ્ટ માસ્તર કે ટપાલીને તે નિયમિત આપવા સમજાવશો તો જરૂર કંઈક ઉકેલ આવશે. આ ઉપરાંત પ્ર.સ. દર સોમવારે www.prakashsamiksha.com પર ઈન્ટરનેટ માધ્યમથી લોગ ઓન કરી વાંચી શકાય છે. આ સિવાય આપના અંકના સરનામા સ્ટીકર ચેક કરી સુધારા વધારા લખી જણાવશો તો ફેરફાર કરી શકાશે.

**પ્ર.સ. સમિતિ**

## કાવ્ય-પ્રકાશ : જ્ઞાતિશિરોમણી શેઠ શ્રી નરશી નાથા

આમે વડીલાના જમાના વહી ગયા,
બનાવવા તમકાજ, સહેવાનું હતું તે સહી ગયા,
સુચના આપવાની તેઓ "શ્રી" લખી ગયા
બાકીનું લાંબુ લીસ્ટ ભાટ ચારણ કરી ગયા
ધન-કીર્તિ કમાવવાને કાજે એ જમાનામાં,
જાન જોખમે સાત સમુંદર પાર કરી ગયા,
જવાબદારી અને કાર્ય પોતાનું પુરૂં કરી ગયા,
પોતે દુઃખ સહન કરતાં, પરસેવા પાડી ગયા
જમાનનાની ઝેરી હવા ફેલાય તે પહેલાં ચાલી ગયા,
કુદરતનાં હોપ, તો પહેલા પણ આવતા હતા
સંભાળીને ચાલતાં, શરણાગતી સ્વીકારી ગયા.
કાલની અમારી પ્રજાને છાંયડો કેમ મળે?
તેવી દીર્ઘદષ્ટિથી બધું વિચારી ગયા.
યાદ આવતાં એમના આપેલા ભોગ
**"અનીલ"** આંખેથી અશ્રુ દડદડ વહી ગયા,
એ પુણ્યશાળી આત્મા શેઠ નરશી નાથા કહેવાઈ ગયા,
કચ્છની ગાથામાં નલિયાનું નામ દિપાવી ગયા

**- અનિલ હીરાચંદ ધુમ (કોઈમ્બતુર)**


॥ શ્રી મહાકાલીકાયૈ નમઃ ॥

**શ્રી ક.દ.ઓ. સમાજ માટે**

**વોડાફોન કું** દ્વારા પ્રસ્તુત છે...

**નવીન પોસ્ટ પેડ કનેક્શન સ્કીમ હવે**

- માત્ર દિવસના રૂ.૫.૫૦ માં ૨૪×૭ માટે આપસમાં ગ્રુપમાં અનલીમીટેડ સમય માટે તમે વાત કરી શકશો.
- અન્ય નંબર પર ૨૦૦ મિનીટ તથા ૨૦૦ SMS ફ્રી રહેશે.
- પ્રત્યેક નંબર માટે Assured ગીફ્ટ મળશે.
- VIP નંબર મળશે.
- મહારાષ્ટ્ર/ગોવા રોમીંગ ફ્રી રહેશે.

**વધુ માહિતી માટે સંપર્ક કરો :**

**વીરલ હરીશ માલદે - 9833442121**

**રીંગટોન**

**(VODAFONE MINI STORE)**

Shop No.1, Sameer Arcade, Agiyari Lane,
Jambli Naka, Talaopali Thane (W)-400601.

# VIJAY COTTON & FIBRE CO.

(A GOVERNMENT OF INDIA RECOGNISED STAR EXPORT HOUSE)

101, SHRIVIDYA VIHAR, FIRST FLOOR, HAPPY HOME SOCIETY, NEHRU ROAD, VILE PARLE (EAST), MUMBAI – 400057.
PHONE:(91-22)2618 1778 • 2618 1779 ◊FAX : (91-22) 2618 1777 ◊EMAIL:mumbai@vijaycotton.com

## : CHANGE OF ADDRESS :

We have shifted our Mumbai Head Office from Dhan Niwas, Ground Floor, 180, Shradhanand Road, Vile Parle (East), MUMBAI – 400 057 to following address:-

VIJAY COTTON & FIBRE CO.,
101, Shrividya Vihar, 1st Floor,
Happy Home Society,
Nehru Road,
Vile Parle (East),
MUMBAI – 400 057

PHONE NO.:2618 1778/2618 1779 (No Change)
FAX NO .:2618 1777 (No Change)
E-Mail : mumbai@vijaycotton.com (No Change)

We request you to please do all correspondence with us on our above mentioned new office address.

---

॥શ્રી અનંતનાથાય નમઃ ॥

# કેડીઓ ક્લાસિક
## સમાજ ઉત્કર્ષ નિધિ

# KDO KLASSIK
## SAMAJ UTKARSH NIDHI

MANAGED BY : KDO KLASSIK - MUMBAI REGISTERED UNDER SOCITIES REGISTRATION ACT, 1860 (REGD. NO. 1374 OF 1998)

C/O. VIJAY COTTON & FIBRE CO.,101, SHRIVIDYA VIHAR,1st FLR, HAPPY HOME SOCIETY, NEHRU ROAD, VILE PARLE (EAST), MUMBAI-400057.
PHONE: (91-22) 2618 1778 • 2618 1779 ◊ FAX : (91-22) 2618 1777 ◊ E-MAIL : kdoklassik@gmail.com

## : સરનામામાં ફેરફાર :

જય જિનેન્દ્ર, અમારી સંસ્થાની ઓફિસ અમે નિચે મુજબ સરનામાં પર બદલી છે તેની નોંધ લેશોજી:–

કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ,
C/o. વિજય કોટન એન્ડ ફાયબર કંપની
૧૦૧, શ્રીવિદ્યા વિહાર, પહેલે માળે,
હેપી હોમ સોસાયટી,
નેહરૂ રોડ,
વિલેપાર્લે (ઇસ્ટ),
મુંબઈ – ૪૦૦ ૦૫૭

PHONE NO .:2618 1778/2618 1779 (No Change)
FAX NO .:2618 1777 (No Change)
E-Mail : kdoklassik@gmail.com (No Change)

આપને વિનંતી છે જે અમારી સંસ્થાના સરનામા ફેરફારની નોંધ લેશોજી અને હવેથી અમારી સંસ્થા સાથે ઉપરના નવા સરનામે પત્ર વ્યવહાર કરશોજી.

આભાર

## વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ
૧-૧-૧૯૫૨

સ્વર્ગવાસ
૩૦-૮-૨૦૧૧

**સૌ. ગુણવંતી હીરાચંદ લોડાયા**
(મુંબઈ-સાંયરા)

*જીવન એવું જીવી ગયા જે કદી ભૂલાય નહીં,*
*વિદાય એવી લીધી જે કદી વિસરાય નહીં*
*જીવનપંથ આમ તો છોડી જવાય નહીં,*
*પણ મોક્ષ પંથે જનારને કોઈથી રોકાય નહીં !*

*પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે*
*તેવા ભાવપૂર્વક શ્રધ્ધાંજલિના સુમન અર્પણ કરીએ છીએ...*

**-: આંસુભરી શ્રધ્ધાંજલિ :-**
**શા. હીરાચંદ ચત્રભુજ લોડાયા પરિવાર (મુંબઈ-સાંયરા)**
**શા. નારાણજી કલ્યાણજી ઘરમશી પરિવાર (મુંબઈ-સુથરી)**

---

।। જય જય શ્રી સચ્ચાઈ મા ।।

## શ્રી લાલા ગામના દંડ પરિવારના કુળદેવી "સચ્ચાઈ મા"ના ભાવિકોને હાર્દિક આમંત્રણ

સચ્ચાઈ માની નૂતન આરસની દિવ્ય અલૌકિક પ્રતિમાની પ્રતિષ્ઠા પ્રસંગ કાર્યક્રમની રૂપરેખા તા.૧૯-૧૨-૨૦૧૨ બુધવાર સવારના નવ વાગે ભૂજથી ગજોડ અને ગજોડથી લાલા તા.૨૦-૧૨-૨૦૧૨ ગુરૂવારના દેવસ્થાનમાં નૂતન પ્રતિમાની પ્રતિષ્ઠાની વિધિ અને સાંજના ૭.૦૦ કલાકે ભૂજ માટે પ્રસ્થાન પધારનાર ભાવિકોએ ટીકીટ કઢાવી, પોતાના નામો વહેલી તકે લખાવી દેવા જેથી વ્યવસ્થા કરવાની સગવડ થાય.

**-: દર્શનાભિલાષી :-**
**શ્રી નવીન હીરજી દંડ - 097269 39393**
**શ્રી હીરાચંદ નરશી દંડ - 093222 50265**
**શ્રી સૂર્યકાંત હીરજી દંડ - 093221 26602**

---

## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી-૧**

**છવીસમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1951 | બજાજ સીટી-૧૦૦ | કે.એલ. મારૂ-બિદડા | ભાવનાબેન શાહ |

કોમ્પ્યુટર સેટ : ૧૯૫૮, હેન્ડીકેમ કેમેરો : ૩૫૯, ફ્રિઝ ૨૩૦ લિ. ૬૬,
આટા મેકર : ૧૫૧૨, ફ્રિઝ : ૧૬૨૯, ટીવી ૨૦" : ૨૧૯, વોશીંગ મશીન : ૧૭૪૫

**-: આશ્વાસન ઈનામો :-**
(૪ થી ૫ ઓવન) : ૧૨૩૩, ૧૪૯૯
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૧૮૩૩, ૫૪૫, ૨૪, ૬૬૧, ૯૮૪
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૫૯૮, ૧૧૪૩, ૯૫૧, ૧૦૮૮, ૧૪૯૫
(૧૬ થી ૨૫ સેન્ડ્વીચ મેકર) : ૧૭૩૫, ૩૮૪, ૪૭૪, ૯૪૦, ૧૬૪૮, ૧૨૧૯, ૪૮૮, ૧૭૩૩, ૧૩૩, ૧૦૪૫
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૧૩૪૧, ૩૦૫, ૬૩૨, ૬૬૮, ૧૦૦૦, ૧૭૬૨, ૬૯૪, ૩૪૯, ૧૮૬૨, ૧૮૯૦
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૩૫૬, ૧૮૩૯, ૧૨૬૫, ૪૧૦, ૪૭, ૩, ૧૫, ૪૦૪, ૧૭૭૪, ૧૫૫૩
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૧૮૭૫, ૧૨૦૨, ૫૪૯, ૯૨૮, ૮૯૯, ૧૦૧૬, ૧૦૪૬, ૧૦૮૭, ૪, ૧૮૫૮, ૧૪૬૦, ૧૧૮૦, ૩૯, ૯૫૦, ૪૩૭, ૫૯, ૬૦૯, ૪૩૬, ૪૧, ૪૬૯
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૩૦૪, ૧૩૧૬, ૧૮૪૧, ૧૦૨૬, ૭૭૬, ૧૯૨૩, ૧૩૪૩, ૭૮૯, ૧૫૮૫, ૧૬૮૦, ૧૭૮૭, ૮૨૪, ૧૬૮૩, ૧૦૩૬, ૯૯૫

**સત્યાવીસમી મિટિંગ તા.૯-૮-૧૨ એકમ ભવન ભુજ મધ્યે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ. મો.:99065 47953 E-mail: sundevelopers.co.in**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

## શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનાની વૈજ્ઞાનિકતા

"મંત્ર" એટલે નિશ્ચિત પ્રકારના હ્રસ્વ, દીર્ઘ, ગુરૂ, લઘુ ઉચ્ચારણો ધરાવતા, અમુક નિશ્ચિત પ્રકારના અક્ષરોનો સુઆયોજિત સમૂહ આ વ્યાખ્યા શ્રી નમસ્કાર મહામંત્ર, શ્રી ભક્તામર મંત્ર અને શ્રી ગાયત્રી મહામંત્ર કે અન્ય કોઈ પણ મહામંત્રને લાગુ પાડી શકાય છે. આ મંત્રબીજાક્ષરોમાં જ મહામંત્રોની વૈજ્ઞાનિકતા સમાયેલ છે. આજના ક્રાંતિકારી વિજ્ઞાનયુગમાં પણ, વિજ્ઞાનની કસોટીઓમાં પરીક્ષણ પામી, મંત્રાગ્નાયો સત્ય સાબિત થઈ શકે છે.

વિજ્ઞાનવાદના પ્રભાવથી અંજાયેલ આજના યુવાનવર્ગને, સમજણપૂર્વકની સાચી શ્રદ્ધા ઉત્પન્ન કરવા, શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના વિધિ અને તેની ફલશ્રુતિની વૈજ્ઞાનિકતા સમજાવવાની જરૂર છે.

આજનું વિજ્ઞાન "ધ્વનિની શક્તિ"નો સ્વીકાર કરે છે. વિજ્ઞાનના નિયમ અનુસાર, કોઈ પણ બે પદાર્થોના અથડાવાથી, પ્રતિ સેકંડ ૧૬ જેટલા કંપનો ઉત્પન્ન થાય તો "ધ્વનિ" સર્જાય છે. જેમ કંપનોની સંખ્યા વધારે સર્જાય છે, તેમ "ઘોંઘાટ"ની માત્રા વધે છે. પરંતુ જો પ્રતિ સેકંડ ૪૦,૦૦૦ થી વધારે કંપનો સર્જાય, તો ધ્વનિ "અશ્રાવ્ય" બની જાય છે. વિજ્ઞાન તેને "પેરાસોનિક સાઉન્ડ" નામે ઓળખે છે. આ સાઉન્ડની શક્તિ એટલી બધી તીવ્ર હોય છે, કે તે દરેક પ્રકારના વિઘ્નોનું છેદન-ભેદન કરીને, અતિ તીવ્ર ઝડપે, નિર્ધારિત, સ્થળે પહોંચી જાય છે. અવકાશયાત્રીઓ આ સાઉન્ડની મદદથી પૃથ્વીલોક જોડે વાતચીત કરી શકે છે.

મનુષ્ય જ્યારે કોઈ પણ મંત્રની આરાધના કરે, ત્યારે તેની જીભ હોંઠ અને તાળવાના હલનચલનથી, સ્મરણ કરાતા વિવિધ શબ્દોના ઉચ્ચારણ અનુસાર, વિવિધ પ્રકારના કંપનો ઉત્પન્ન થાય છે. આરાધક જેમ મંત્રજાપ વધારે સંખ્યામાં કરે, તેમ ધ્વનિ કંપનોના સર્જનની માત્રા વધતી જાય છે. અંતે આ ધ્વનિકંપનો "પેરાસોનિક સાઉન્ડ એનર્જી" ઉત્પન્ન કરે છે. આ એનર્જીની મદદથી આરાધક અમુક નિશ્ચિત અંતરે આવેલ દેવલોકમાં, નિશ્ચિત સ્થળે વસતા "ઇષ્ટદેવ"ને તેનો સંદેશો પહોંચાડી શકે છે. જૈનશાસ્ત્રો દેવલોકની ભૌગોલિક પરિસ્થિતિ અને અંતરનું વિસ્તારથી વર્ણન કરે છે. દરેક દેવની "પરિસ્થિતિ" એકબીજાથી ભિન્ન પ્રકારની હોય છે. આથી જૈન શાસ્ત્રો પ્રત્યેક દેવની આરાધના માટે અલગ અલગ પ્રકારનાં મંત્રાક્ષરો તથા તેના જાપની સંખ્યા વર્ણવે છે.

આજનું વિજ્ઞાન પણ UFOના દષ્ટિકોણથી GOD અને Miraclesની સ્વીકાર કરે છે. આમ મંત્રના જાપ અને તેની ફળશ્રુતિરૂપે પ્રાપ્ત થતી "ઇષ્ટસિદ્ધિ"વૈજ્ઞાનિક સત્ય હકીકત છે.

શ્રી નમસ્કાર મહામંત્ર, ૬૮ અક્ષરો અને ઉચ્ચારણોનો સમુહ છે. તેમાં મુખ્યત્વે પરમ મંગલકારી પંચપરમેષ્ટિને નમસ્કાર કરવામાં આવ્યા હોવા છતાં, મહાશક્તિશાળી "ણ"કાર, બીજા મંત્ર બીજાક્ષરો, અનેક સ્વર અને વ્યંજન, હ્રસ્વ-દીર્ઘ ઉચ્ચારણો તો સમાયેલ છે જ. પરમ મંગલકારી પંચપરમેષ્ટિની પવિત્રતા લક્ષ્યમાં રાખીને આરાધક, તેની શક્તિઓનો સદુપયોગ કરે, તે જ નમસ્કાર મહામંત્રના જાપનો મૂળભૂત આશય છે.

મંત્રામ્નાયોના પ્રાચીન ગ્રંથોમાં શ્રી પંચપરમેષ્ટિના નામાક્ષરો **"અસિઆઉસા"**નો ઉપયોગ કરી. વશીકરણ-મારણ-કામ્ય પ્રયોગો વર્ણવાયેલ છે જ. પરંતુ તેનો મૂળભૂત આશય, આરાધક અનિવાર્ય સંજોગોમાં ધર્મમાર્ગને સરળ બનાવવા, દુષ્ટ તત્ત્વોના નિયંત્રણનો જ છે.

આમ છતાં પણ શ્રી નમસ્કાર મહામંત્ર "સ્વયં શક્તિનો સ્ત્રોત" છે.

***("પ્રબુધ્ધ જીવન"માંથી સાભાર)***

## કાવ્ય-પ્રકાશ : ધિંગાની... (છકડીયો)

ડોરા, કેળજે કંઢેમેં જીંય ડોરા,
તીંય અસાંજી જિંધગાની,
કડેંક સુખમેં છેલ્યા કરે, ત કડેં ડુખમેં ડુસકે છાની,
કડેં નરમ ત કડેં ગરમ, ચડે કરે પાછી પાની,
કડેં ઘોડે તેં લહેર કરે, ત કડેં મિલે ન ઇનકે માની
પલ્ય, ઈ તાં સમય તોજા અંઈ પલ્ટા,
કડેં ગીત, ત કડેં રડગાની,
"રશ્મિન"ચેં મું મથે ક્યા, જુકો ડીં ડિના જગજે જાની
કડેં પહેરેલા પાટ પિતામ્બર, ત કડેંક ફાટેલ અંગ પરિધાની,
કડેં સોનજો હાર કંઠમેં, ત કડેંક મૂતિય માળ ગલાની,
કડેંક કેંકે લહેર કરાંઈયાં, ત કડેંક મંગા ભીખ ભવાની,
કડેંક તેલ ધૂપેલ મથેમેં, ન કડેંક ઝીંથર વાર ફિરાની,
કડેંક તેલ ધૂપેલ મથેમેં, ન કડેંક ઝીંથર વાર ફિરાની,
કડેંક છત્ર પલંગ મથે, ત કડેંક ધરતી કાયા ટિકાની,
"રશ્મિન" ચેં જુકો ડીંય દીઠડા, શુક્ર મનીયા જગજે જાની

*- રશ્મિન ખોના (મુંબઈ)*

## પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

: જન્મ :
તા.૨૦-૫-૧૯૪૨



: અરિહંતશરણ :
તા.૨૦-૦૮-૨૦૧૧

**સ્વ.અ.સૌ. હેમલતા લાલજી મોતા**
**(રાપરગઢવારી-મુલુન્ડ)**

*વર્ષ વિત્યો તમારી વિદાયને, પણ તમારો સ્નેહ, તમારા સંસ્કારો,*
*હર પળ યાદ આવે છે, ને જીવંત રાખે છે તમારો સહવાસ,*
*મુશ્કેલીમાં પણ હિંમત ટકાવી, શીખવે આગળ વધવું કઈ રીતે,*
*આપનો પરોપકારી સ્વભાવ, ને કુટુંબ પ્રત્યેની પ્રેમ ભાવના*
*મૃત્યુની શય્યા પર શાંતતા, નિર્ભયતા ને ધર્મમાં લીનતા*
*જીવનને સુંદર જીવવાની કળા, મૃત્યુમાં પણ સમાધીતા*
*કુટુંબ માટે એક આદર્શ બની, મૃત્યુને પણ મહોત્સવ બનાવ્યું.*

*શ્રીમદ રાજચંદ્ર પ્રત્યેની શ્રધ્ધાબળ, અસીમ કૃપા અને*
*સદગુરુના આશ્રયે આપનો દિવ્ય આત્મા મોક્ષગામી બની*
*પરમ સુખ અને શાંતિ પ્રાપ્ત કરે એવી*
*સમસ્ત પરિવારજનોની ભાવભીની શ્રધ્ધાંજલિ.*
*આપના દિવ્ય કૃપાના અભિલાષી....*

જીવનસાથી : **લાલજી જેઠાભાઈ મોતા**
પુત્ર-પુત્ર વધુ : **નીલેશ-તેજલ**
પુત્રી-જમાઈ : **અ.સૌ. રીટા પ્રફુલ લોડાયા**
**અ.સૌ. ભારતી તારક પટેલ**
પૌત્ર-પૌત્રી : **ચિ. વિનિત, કુ. નીરાલી, કુ. અનોખી**
દોહીત્ર-દોહીત્રવધુ : **દિપ-વિરલ**
દોહીત્ર-દોહીત્રી : **પ્રતીક, કુંજ, ખુશ્બુ, સલોની**
માવિત્ર : **શા. માણેકજી ઘેલાભાઈ ધરમશી પરિવાર (ઇંદોર)**

**શા. જેઠાભાઈ ખીંયરાજ મોતા સમસ્ત પરિવારના જય જિનેન્દ્ર**

## પર્યુષણ પર્વનો પાવન સંદેશ

"શત્રુના ઘરે ન જવું" એમ નીતિ કહે છે અને "શત્રુને મિત્ર બનાવીને જીવવું" એમ પ્રીતિ કહે છે. સંસારી નીતિને અનુસરે છે. જ્યારે સંત પ્રીતિને અનુસરે છે.

પર્વાધિરાજ પર્યુષણા પર્વના પુનિત દિવસોની પધરામણી એટલે આત્માની ઓળખના દિન પરમાત્માની સમીપે જવાનું પર્વ! મનના પ્રદૂષણને દૂર કરવાનો અવસર!

પર્યુષણ પર્વ એ આઠ અંકી નાટક નથી મોટાઈ બતાવવાનું, કીર્તિ રળવાનું કે મિથ્યાભિમાન કરવાનું ટાણું નથી. આત્માના શુદ્ધ ભાવ તરફ પ્રયાણ કરવાના અને અશુભ ભાવ દૂર કરવા માટે પર્વના પાવન દિવસો છે.

પર્વમાં તપ ન થાય તો ચાલશે, પણ મગજનો તાપ તો નહિ જ ચાલે!

જે વિદ્યાર્થીએ વર્ષભર મહેનત કરી હોય, વાંચી લીધું હોય તેને પરીક્ષા નજીક આવે તેમ આનંદ વધતો જાય. સાધકને પણ સંવત્સરી મહાપર્વ નજીક આવે તેમ મૈત્રીભાવ ઊભરાવા લાગે.

નિશાળના શિક્ષકે પોતાના ઘેર ટ્યુશન માટે આવતા વિદ્યાર્થીઓને પરીક્ષામાં મહત્ત્વના આઈએમપી પોઈન્ટ લખાવીને પછી પ્રશ્ન કર્યો - હવે કોઈને કંઈ પૂછવું છે?

ચબરાક સ્વીટુએ ઊભા થઈને કહ્યું :

"સર! મારા એક જ પ્રશ્નનો જવાબ આપી દો તો કામ થઈ જાય!"

કયો પ્રશ્ન ?

એ જ કે આ પરીક્ષાના પ્રશ્નપત્રો ક્યા પ્રેસમાં છપાવાના છે? એનો ઉત્તર આપી દો તો બેડો પાર થઈ જાય!

માનવીનું મન જ ચંચળ છે. મહેનત વિના જ મોક્ષમાં પહોંચી જવું છે. જીવનની શુદ્ધિ અને આરાધના વિના વેર-ઝેરના ભાવનો સંગ્રહ શાંતિ અપાવનાર નથી.

જીવનમાં નમ્ર બનનાર વ્યક્તિને કદાચ લોકો કહેવા લાગે કે નમાલા થઈને ઝૂકી જવાની જરૂર નથી! આપણે ખમાવવાની શું જરૂર છે! આવા શબ્દોની માયાજાળમાં આવ્યા વિના એક જ લક્ષ્ય કરવાનું છે કે મારે કોઈની સાથે વેર રાખવું નથી.

સામેવાળા ખમાવે કે ન ખમાવે, જે ભૂલનો સ્વીકાર કરે છે તે જ મહાન બને છે. "જો ઉવસમઈ અત્થિ તસ્સ આરાહણા." જે ઉપશમભાવને ધારણ કરે છે તે આરાધક બને છે.

જીવન જીવતાં સંભવ છે કે સારા ભાવ હોવા છતાં ભૂલ થઈ જાય. આમેય બોલવામાં મુશ્કેલી પડે એવા ત્રણ શબ્દ છે : "મારી ભૂલ થઈ!"

માણસ અહંને છોડીને "મારી ભૂલ થઈ"" એટલું સ્વીકારવા લાગે તો ઘરઘરમાં આનંદ છવાઈ જાય. જીભનો વેપાર ઘણો કર્યો, હવે જીગરનો વેપાર કરો. જીવનમાં જીગરનો વેપાર ચાલુ થાય ત્યારે જ જગદીશ ખુશ થાય છે!

માત્ર ફરિયાદમય જીવન જીવ્યા જવાથી કોઈ ફાયદો થવાનો નથી. વાતવાતમાં ગુસ્સો કરનાર પરમાત્માની સમીપે જઈ શકતા નથી.

સ્વયં સહન કરો અને બીજાની ભૂલની ક્ષમા કરો. માનવ પણ બાળસુલભ સ્વભાવનો બની જાય તો ભૂલમાંથી શૂળ ઊભા નહિ થાય અને મૈત્રીનાં ફૂલ મહેકી ઊઠશે.

***માર્ગ ભૂલેલા જીવનપથિકને માર્ગ ચીંધવા ઊભો રહું,***
***કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત ધરું...***

આવી ઉદાત્ત ભાવનાઓ વૈમનસ્યતાને દૂર કરે છે. વેરનું વિસર્જન અને સ્નેહનું સર્જન એ જ પર્યષણનો સંદેશ છે. "સામો થાય આગ તો તમે થજો પાણી, એ છે પ્રભુ વીરની વાણી." થોડી ક્ષણો માટે અહં અને મમનો વિચાર છોડીને અર્હમની ભાવના ભાવવી. નમવું અને ખમવું એ આરાધનાનો અર્ક છે.

આજના અણધાર્યા અકસ્માતના યુગમાં વેરની પરંપરા ઊભી ન રહી જાય તેની તકેદારી રાખીને મૈત્રીની તસવીર બની રહે તેનં લક્ષ્ય સ્વપ્નમાંય ભૂલવું નહિ.

જીવનની પ્રત્યેક ક્ષણોમાં ગરમ થવાને બદલે નરમ બનવાનો અભિગમ અપનાવવો. દાન-શીલ-તપ અને ભાવ ધર્મની થાય તેટલી આરાધના કરી જીવનને ઉજમાળ બનાવવું.

***(સંકલિત)***


**હાર્દિક અભિનંદન**



**અ.સૌ.લોપા જીગર સંઘવી**
C.A.માં પાસ
થયેલ છે.

**-: શુભાશીષ :-**
**સૌ. સંગીતા ગીરીશ સંઘવી**
(મોરબી-બોરીવલી)
**સૌ. ઉર્વશી કિરીટ અજાણી**
(લોડાયા) (કોઠારા-બોરીવલી)
**તથા સંઘવી અને**
**અજાણી સમસ્ત પરિવાર**

## ક્ષમાથી ફાયદા-ક્રોધથી નુકસાન

*ક્રોધે ક્રોડ પૂરવ તણું સંયમ ફળ જાય*
*ક્રોધ સહિત તપ જે કરે તે તો લેખે ન થાય*

આ પંક્તિમાં ક્રોધના નુકસાનની ભયંકરતા સમજાય છે.

દુનિયાને મુરખ ન સમજો. બહુ અવાજ કરે, બહુ ગુસ્સામાં વાત કરે તો કામ બગડી જાય અને વાતનું વતેસર થઈ જાય અને ગરબડ વધારો થઈ જાય તો પસ્તાવું પડે. યાદ કરો ન બોલવામાં નવ ગુણ. એમ થાય કે ધીરજ, સમતા, શાંતિ જે ક્ષમાના ભાઈ બહેનો છે તેની સાથે સંબંધ રાખવાથી સરળતાથી પ્રશ્નો ઉકલી જાય.

ક્ષમા વીરસ્ય ભૂષણં. ક્રોધ કરવો એ કાયરતા છે. ક્ષમા રાખવી એ બહાદુરી છે. ક્ષમાવાળો જગતમાં પૂજાય છે. આદર પામે છે. લોકપ્રિય બને છે. લોકો તેની સાથે સારો વ્યવહાર રાખે છે. ક્ષમાના અભાવમાં આ જીવ ચીકણા બાંધેલા કર્મને લીધે સંસારમાં રખડે છે અને ગુસ્સાવાળો પળે પળે ચીકણા કર્મ બાંધે છે.

શાસ્ત્રોમાં હજારો દષ્ટાંતો જોવા મળશે.

ગજસુકુમાર, ખંધકમુનિ અને પ્રબુ મહાવીરસ્વામીના જીવનપ્રસંગો, સ્કંધકમુનિના શિષ્યો, ચંદનબાળા, મૃગાવતીનાં દષ્ટાંતો ઠેરઠેર ક્ષમાવંત મહાપુરુષોએ આત્મકલ્યાણ કર્યું છે અને નામ અમર કર્યું છે.

ક્રોધના આવેશમાં શરીરના ઝડપથી ફરતા રૂધીરાભિસરણની ક્રિયામાં મગજ ભાન ભૂલે છે. અનિષ્ટ વિચારો કરી ખોટાં પગલાં ભરે છે. હૃદયના દબાણથી બ્લડ પ્રેસરથી પિડાય છે. પાચનતંત્ર નબળું પડે છે. અનિદ્રાનો રોગ લાગુ પડે છે. સારાં સારાં કામો સારાં સારાં વિચારો ભુલાઈ જાય છે અને બદલામાં આર્તધ્યાન-રૌદ્રધ્યાનથી ચીકણા કર્મો બાંધી ભવસાગરની અનંતયાત્રામાં ધકેલાય છે.

ક્રોધી માણસને લોકો ધિક્કારે છે. સંબંધ તોડી નાખે છે. કોઈ પણ પ્રકારની મદદ કરતા નથી. સંસારમાં જીવ એકલો પડી જાય છે. દુઃખી દુઃખી થઈ જાય છે. ક્ષમા ધારવાથી આત્માને કેટલું સુખ થાય તે અકલ્પનીય છે.

ક્ષમા રાખનારને પોતાનાં વાણી, વિચાર, વર્તનથી પસ્તાવું પડતું નથી. સમેની વ્યક્તિનું દિલ જીતી લેવાથી ધાર્યું કામ કઢાવી શકાય છે. પોતાના જીવનના ધ્યેયપ્રાપ્તિના માર્ગો સરળ બને છે. અંતરાયો તૂટે છે. અનુકૂળતાઓ પ્રાપ્ત થાય છે. જિનાજ્ઞાનું પાલન થાય છે. જિનાજ્ઞાનું પાલન થાય છે. લક્ષ્યની પ્રાપ્તિ થાય છે. સંસાર કપાય છે અને જીવન સુખી સુખી થઈ જાય છે. સમતા ધરનારો સમતાની વહેંચણી કરે છે. વાતાવરણમાં સુખ-શાંતિ ફેલાવે છે, જ્યારે જાણો છો ને

***આગ ઊઠે જે ઘર થકી તે પહેલું ઘર બાળે***
***જળનો જોગ જો નવિ મળે તો પાસેનું પર જાળે***

આનાથી ઊલટું ક્રોધની આગને ક્ષમાવાળો ઠારે, પોતાનું અને પારકાનું અહિત થતું અટકાવે, બધાને પછી સુખ-શાંતિ થઈ જાય, કોઈએ પસ્તાવું ન પડે, દુઃખી થવું ન પડે.

યાદ રાખો :

***મિત્તિમે સવ્વ ભૂએસુ***
***વેરં મજઝં ન કેણઈ***

જૈન શાસન પામ્યા પછી પ્રભુએ બતાવેલો માર્ગ કષાયની ઉપશાંતિનો છે. અનેક સંસારનું ભ્રમણ કષાય મોહનીય કર્મના માર ખાવાથી ચાલુ રહ્યું છે. ક્રોધ કષાયની ઉપશાંતિ, ક્ષમા સમતાનો ગુણ મોહનીય કર્મનો ક્ષય કરાવી વીતરાગ બનાવવાનો માર્ગ સરળ બનાવશે.

પ્રભુ મને ક્ષમા રાખવાની સદ્‌બુદ્ધિ આપે

શિવમસ્તુ સર્વ જગત...

*- ડૉ. પ્રવીણ સી. શાહ*


Since 1984...
મિચ્છામિદુક્કડમ્
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી
ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
Mob.: 7666688881
ગુરૂવાર બંધ

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિના સર્વે જ્ઞાતિજનો,



સૌને સાદર પ્રણામ...
પર્વાધિરાજ પર્યુષણ પર્વના પાવન સ્પંદનોમાં
સંવત્સરી પ્રતિક્રમણ કરતાં
સૃષ્ટિના સર્વે જીવોને અંતઃકરણથી ખમાવ્યા છે.
આપણાં સંબંધોમાં ક્યાં જાણતાં-અજાણતાં
કોઈની સાથે કોઈ પણ પ્રકારે મનઃદુભાવના થઈ હોય તો
આ અવસરે હૃદયપુર્વક ક્ષમા યાચીએ છીએ

# સૌને અમારા મિચ્છામિદુક્કડમ્



~ ક્ષમાભિલાષી ~

**માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર**

(રાપરગઢ-મુંબઈ)


**સર્વે જ્ઞાતિજનોને મિચ્છામિદુક્કડમ્**

**Phone : 0265-2540132**
**93744 71696**
**Fax : 0265-2540134**

**Shantilal - 98240 12971**
**Keyur - 98241 71696**

D S LOGISTICS

DINESH Roadways

**DAILY SUPER FAST SERVICE FOR**
**VADODAR - MUMBAI - VADODARA**

A/7, Shree Rang Market, Nr. Golden Char Rasta, Opp. Baroda Country Club,
N.H. Highway # 8, Baroda By Pass, Vadodara-390022 (Gujarat)
E-mail : info_dslogistics@yahoo.com

**શ્રી શાંતિલાલ કલ્યાણજી લોડાયા પરિવાર (તેરા-વડોદરા)**

## માફીનું ગણિત સમજો - પૂ.આ. રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.

માગવા માટે નમ્રતા જોઈએ છે અને આપવા માટે ઉદારતા! અહંકારને ગૌણ બનાવ્યા વિના સાચા દિલથી બીજાની માફી માગી શકાતી નથી અને દિલને વિશાળ બનાવ્યા વિના સાચા અંતઃકરણથી બીજાને માફી આપી શકાતી નથી.

કેટલો બધો વિસંવાદ રચાયો છે આપણા પોતાના જીવનમાં! આપણી મોટી ભૂલોને બીજાઓ માફ કરી દે એવી આપણી ઈચ્છા છે અને બીજાઓની નાની પણ ભૂલ માફ ન કરી શકાય એવી આપણી માન્યતા છે. બસ, આ જ કારણે આપણે માફી માગી શકતા નથી અને માફી આપી શકતા નથી! કષાયથી સંસારચક્ર ચાલતું રહ્યું.

જીવનને ખરેખર વ્યવસ્થિત બનાવવું હોય તો માફી માટેનું ગણિત ફેરવી નાખવા જેવું છે. જાતની ભૂલીને સજાપાત્ર માનીએ અને બીજાની માફીપાત્ર માનીએ!

આ ગણિતના આધારે જે દિવસે આપણું જીવન ચાલુ થશે એ દિવસે આ જગતના એક પણ જીવ સાથે આપણને દુશ્મનાવટ નહીં હોય! છદ્માવસ્થાના કારણે કદાચ એવો દુષ્ટભાવ આવી ગયો હશે તોય સંવત્સરી જેવા પવિત્ર દિવસે પામીને એ દુષ્ટભાવમાંથી મનને મુક્ત કરવામાં આપણને કોઈ પણ જાતની તકલીફ નહીં પડે!

માફી માગો ! માફી આપો! શાંતિ પામો !

ભીરતરથી વેરને વિદાય કરો.

"એણે વિના કારણે મને એટલો બધો હેરાન કર્યો છે કે જ્યાં સુધી એના વેરનો બદલો નહીં લઉં ત્યાં સુધી મને ચેન પડવાનું નથી."

જાણતાં કે અજાણતાં આપણી સાથે પ્રતિકૂળ વર્તન કરનારને અંતઃકરણપૂર્વક સાચી ક્ષમા નહીં આપવા દેનાર આ ખતરનાક વિચારણાના અમલમાં ભારે નુકસાન ધરબાયેલું છે, કારણ કે વેર બાળવાથી વળતું નથી, એને ભીતરથી વળાવવું પડે છે!






સળગતા કોલસા પર રાખ નાખી દેવાથી કોલસો ઠરી ગયેલો લાગતો હોય, બાકી હોય છે તો એ સળગતો જ! પવનની એક લહેર એના પરની રાખ જ્યારે ઉડાડે છે ત્યારે એ પોતાના મૂળ સ્વરૂપમાં આવીને ભયંકર હોનારત સર્જી બેસે છે.

બસ, એ જ રીતે વેરનો બદલો વેરથી લેવાથી વેર શમી ગયેલું ભલે લાગતું હોય, પણ સામી વ્યક્તિના દિલમાં તો વેરની આગ સળગતી જ હોય છે! મોકો મળતા 'જ' પૂરા ઝનૂનથી તૂટી પડે છે અને જીવનને ખારું ઝેર જેવું બનાવી દે છે!

સળગતા કોલસાને ઠારવાનો એક જ ઉપાય છે. એના પર રાખ નહીં, પણ પાણી છાંટો! વેરને ખતમ કરવાનો એક જ ઉપાય છે. વેરને વાળો નહીં, ભીતરથી વળાવો!

ક્ષમાપના કરવી છે! તો મનને ઉદાર બનાવો! દિલને વાત્સલ્યભર બનાવો! પછી બદલો લેવાની દુષ્ટ ભાવના દિલમાંથી રવાના થઈ જશે. એટલું જ નહીં, પણ બદલાનું સ્થાન સદ્ભાવના લેશે અને જીવન પ્રસન્નતાથી ભર્યું ભર્યું બની જશે!

*॥ મિચ્છામિ દુક્કડં ॥*




### ધાર્મિકતા લોપાય છે

આપણા ભગવાન બધું ત્યાગ કરી મોક્ષે ગયા છે. આપણે પુજાપાઠ સમયે ફુલ, મેવા, મીઠાઈ ચડાવીએ છીએ તેમાં જીવ જંતુ થવાના જેથી આશાતના થાય એવો ભય ઉભો થાય.

ઉપરાંત ભગવાનને સોના, રૂપાના આભૂષણ ચડાવીએ છીએ. લુચ્ચા લફંગા દર્શન કરવાના બહાને આવે છે. નિરક્ષણ કરી લાગ મળે ચોરી કરી જાય છે.

પુ.ગુરૂદેવોએ ત્યાગ કરી સંયમ લીધો પણ તેમનો મોહ છુટતો નથી. વાહ વાહ માટે જ્ઞાતિજનોને ખર્ચામાં ઉતારે છે એ ત્યાગ શું કામનો? સંયમ અને સાધના ઉપર પાણી ફરે છે. આપણે પોતાની સગવડ ખાતર પરિગ્રહ વધારીએ છીએ. લોકો પર્વમાં દેરાસરમાં હાજરી આપશે પછી બધું ભુલી જાય છે.

*અમરાવતી : ૧૧-૮-૧૨* — *હીરજી કુંવરજી જીવાણી*

## સ્મૃતિ વરદાન હશે, વિસ્મૃતિ તો ઈશ્વરીય દેન છે — પૂ. આ. રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.

ક્ષમાપનાના સંદર્ભમાં આ વાક્ય કેટલું બધું માર્મિક છે?

બગીચાની સ્મૃતિ તો સારી, પણ ઊકરડાની સ્મૃતિ? મીઠાઈની સ્મૃતિ તો સારી, પણ વિષ્ટાની? પ્રસન્ન વાતાવરણની સ્મૃતિ તો સારી, પણ ક્લિષ્ટ વાતાવરણની સ્મૃતિ? મિત્રોની સ્મૃતિ તો સારી, પણ દુશ્મનોની સ્મૃતિ? એ જ ગણિત છે. જે પ્રસંગની, પદાર્થની કે વ્યક્તિની સ્મૃતિ આપણા ચિત્તને ઉદ્વગ્ન બનાવે, મનને દુધ્યાનગ્રસ્ત બનાવે. વ્યક્તિ પ્રત્યે ચિત્તમાં દુર્ભાવ પેદા કરાવે. એ સ્મૃતિ ગમે તેટલી સાચી હોય તોય આત્માને માટે નુકસાનકારક છે.

નદીના પૂરમાં તણાઈ રહેલી વ્યક્તિ પ્રત્યે આપણા મનમાં જો સહાનુભૂતિ જ પ્રગટે છે. કેન્સરની વ્યાધિનો શિકાર બનીને મોતની સામે ઝઝૂમતો દર્દી જો આપણા વાત્સલ્યનો વિષય જ બને છે. પરિવારની બેવફાઈથી ત્રાસી ઉઠેલા શાંત સ્વભાવના પડોશી પ્રત્યે આપણા હૃદયમાં જો દયા ઊભરાય છે, તો વિષયકષાયને પરવશ બનીને આવેશમાં આવી જતા આત્મા પ્રત્યે આપણા દિલમાં સહાનુભૂતિનો, વાત્સલ્યનો, કરુણાનો, દયાભાવ ન પ્રગટતાં તિરસ્કારનો ભાવ પ્રગટે એ તો કેમ ચાલે?

આ જગતનો દરેક સંસારી આત્મા આમ જોવા જાઓ તો અનેક પ્રકારના બાહ્ય-અભ્યંતર સંઘર્ષો વચ્ચે જીવી રહ્યો છે. કો'ક જ જીતે છે. બાકીના બધા તો હારતા જ રહે છે. આવા, સંઘર્ષો વચ્ચે જીવી રહેલો કોઈક આત્માએ આપણે કાચ નુકસાનીમાં ઉતારી દીધા હોય તો ય આપણએ તો એને પ્રેમ જ આપવો રહ્યો!

જખમ પર મલમ જ લગાડાય ને! નમક થોડું છંટાય?

જો દીકરાની અગણિત પણ ભૂલો માતા કોઈ પણ જાતના તણાવ વિના ભૂલી શકે છે. શિષ્યની અનેક પ્રકારની કમજોરીઓને ગુરુ ઉદારતાપૂર્વક ભૂલી શકે છે. ભક્તના અનેક પ્રકારના દોષો છતાંય ભગવાન જો એને વાત્સલ્યનું દાન આપવાપૂર્વક ભૂલી શકે છે. તો પછી આપણા પરિચયમાં આવનારાની ભૂલોને આપણે કેમ ભૂલી ન શકીએ?

અલબત્ત, સામી વ્યક્તિની ભૂલોને ભૂલી જવામાં સીધી સફળતા નહીં મળે, પણ એ વ્યક્તિઓ પ્રત્યે આપણા હૃદયમાં જો પ્રેમ ઊભો થઈ જશે તો એ સઘળીય ભૂલોને ભૂલી જવામાં આપણને લેશ નિષ્ફળતા નહીં મળે, કારણકે પ્રેમ ક્યારેય ભૂલોનો દસ્તાવેજ રાખવાનું શીખ્યો નથી.

આવો, જીવો સાથે કરીએ પ્રેમ, જીવોને આપીએ પ્રેમ, આપણે બનીએ પ્રેમ, પાછી ક્ષમાદાનનો જે આનંદ અનુભવાશે એ કલ્પનાતીત હશે.

પગમાં પેસી ગયેલો કાંટો કઢાવવા દુશ્મન પાસે જવામાં પણ જો આપણને વાંધો નથી આવતો, આગ લાગી હોય મકાનને અને એને ઠારવા માટે દુશ્મન્ પણ જો પાણી લઈને આવે તો આપણને એને આવકારવામાં જો કંઈ તકલીફ નથી પડતી. ધંધામાં આવી ગયેલી પ્રચંડ ખોટને પૂરવા દુશ્મન સહાયક બનતો હોય તો એની સહાય લેવામાં આપણને જો કોઈ હીચકિચાટ નથી થતો, પછી આપણી દુર્ગતિને અટકાવવા માટે, વેરની પરંપરાને સ્થગિત કરી દેવા માટે, ચિત્તને પ્રસન્નતાસભર બનાવવા માટે દુશ્મન પાસે જઈને ક્ષમા માગી લેવામાં આપણને તકલીફ શું છે? કશી જ નથી થાઓ તૈયાર.

યાદ રાખીએ, પ્રભુ વીરના વાત્સલ્યભાવને! ન એમને કોઈ દુશ્મન દેખાયો એ વાત્સલ્યભાવમાં કે ન દુશ્મન રહેવા દીધો એમણે એ વાત્સલ્યભાવમાં!

એ જ પ્રભુ વીરના સેવક આપણે આ બાબતમાં પાછા પડીએ એ તો કેમ ચાલે? હૃદયને વિસ્તીર્ણ બનાવવાની બાબતમાં ઉપેક્ષા દાખવીએ એ તો શેં ચાલે? આવો, સંપત્તિની દાન તો ઘણાં કર્યાં, હવે કરીએ પ્રેમનું દાન! બનીએ મિત્ર જગતના અને બનાવીએ મિત્ર જગતને! કલ્યાણ નિશ્ચિત!


મિચ્છામિ દુક્કડમ્

**Limited Stock...**
**એમ્બ્રોડેરીની સેમ્પલ સાડીઓ અડધા ભાવે**
**મહાવીર એમ્બ્રોડેરી-માટુંગા (CR) માં...**

- હેન્ડ વર્ક-મશીન વર્ક પારસી સાડીઓનો નવો સ્ટોક
- Real અને Tested જરીની સાડી, ચણીયાચોળીમાં અનેક વેરાયટી.
- કસબ-બટકસબ ઝીંક કસબની સાડી, બોર્ડરમાં નવી ડીઝાઈનો આવેલ છે.
- લગ્ન તથા શુભ પ્રસંગને અનુરૂપ Designer સાડીઓ. તમારી જુની સાડી ચણીયા-ચોળી સેલા ઓલ્ટ્રેશન કરી Designer Look બનાવી આપશું.
- પ્લેન પોત તથા બાંધણી માટે Fancy બોર્ડર મળશે.

**ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડરો અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું**

**મહાવીર'સ એમ્બ્રોઇડરી**

મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, ભંડારકર રોડ,
માટુંગા (સે.રે.), મુંબઈ-400019.
ફોન : 24025070, 65046030, 8652239537
www.mahavirembroidery.in (Sunday Closed)
**નોંધ : એમ્બ્રોયડરી તથા સાડીની દુકાન માટે અનુભવી/ બીનઅનુભવી સેલ્સમેન જોઈએ છે. પગાર લાયકાત મુજબ.**

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા
"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા
"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

## જૈન દર્શનમાં સેવાભાવ - *ગુણવંત બરવાળિયા*

જૈન ધર્મ મોક્ષપ્રધાન ધર્મ છે. શ્રમણ પરંપરા મોક્ષલક્ષી પ્રવૃત્તિની પ્રેરણા કરે છે. માટે જૈન સંસ્કૃતિની આધારશિલા મુખ્યપણે નિવૃત્તિ છે. મોક્ષમાર્ગમાં લેશમાત્ર પણ બાધક હોય એવી પ્રવૃત્તિનો જૈન ધર્મ સર્વથા નિષેધ કરે છે.

જ્ઞાનીઓએ સર્વપ્રથમ તો "સ્વ" આત્માની સેવા કરવાનું કહ્યું છે. કર્મ સહિત આત્મામાં બે પ્રકારની વૃત્તિઓ વહી રહી હોય છે. એક વૈભાવિક વૃત્તિ અને બીજી સ્વાભાવિક વૃત્તિ.

જ્ઞાનાદિ મૌલિક ગુણો, ક્ષમા, શ્રદ્ધા, વિવેક આદિ ગુણોનું પરિણામ ધારામાં પ્રગટ થયું તે છે સ્વાભાવિક વૃત્તિ અને ક્રોધાદિ કષાયો રાગ, દ્વેષ, વિકાર આદિ દુર્ગુણોરૂ પ આત્માનું પરિણમી જવું તે અને પછી રૂપે પ્રગટ થવું તે છે વૈભાવિક વૃત્તિ આ બન્ને વૃત્તિઓના સ્વરૂપને જાણી. વૈભાવિક વૃત્તિઓ દૂર કરવા અને સ્વાભાવિક વૃત્તિઓ પ્રગટ કરવા માટે, પુરુષાર્થ કરવો તે સાધના આત્માની સેવા છે.

આ "સ્વ" ની સેવાની વાત થઈ. હવે પરસેવાના બીજા પાસા વિશે વિચારણા કરીએ. જૈન ધર્મની કેટલીક વાતો માનવને જનસેવા પ્રતિ આકર્ષિત કરે તેવી છે. પ્રત્યેક પ્રાણી એકબીજાની સેવા કરે. પોતાના યથાયોગ્ય શક્તિ દ્વારા એકબીજાને કામ આવે.

જૈન ધર્મમાં એક અપેક્ષાએ જીવાત્માનું લક્ષણ વ્યક્તિગત નહિ, પરંતુ સામાજકિ માનવામાં આવ્યું છે. **"પરસ્પરોગ્રહ્ઠ જીવાનામ"** તત્ત્વાર્થ સૂત્રની આ ઉક્તિ પેલા વિધાનને ચરિતાર્થ કરે છે.

પ્રત્યેક સાંસારિક પ્રાણી પોતાના મર્યાદિત વ્યક્તિગત રૂપમાં અપૂર્ણ છે. એમની પૂર્ણતા આસપાસના સમાજ અને સંઘમાં અભિપ્રેત છે. આને કારણે જ જૈન સંસ્કૃતિ જેટલી આધ્યાત્મિક સાધનાપ્રતિ ઢળેલી છે તેટલી જ ગ્રામનગર તરફ ઢળેલ છે. ઠાણાંગ સૂત્રના દશમા અધ્યયનમાં રાષ્ટ્રચિંતનનું સુપેરે નિરૂપણ થયું છે. જિનાગમ કે જૈનકથાનકોમાં રાષ્ટ્રહિતની વાતો ઠેરઠેર જોવા મળે છે. એક સભ્ય નાગરિક અને રાષ્ટ્રભક્ત જ સાચો જૈન હોઈ શકે.

એકાન્તે નિવૃત્તિ પ્રધાન જૈન ધર્મનો એકમાત્ર ઉદ્દેશ પરલોકહિત છે. છતાંય આ લોકોત્તર ધર્મે આ લોક અને પરલોક બન્નેને પવિત્ર, ભવ્ય અને દિવ્ય બનાવવાની સદા પ્રેરણા આપી છે.

દશવૈકાલિક સૂત્રમાં ભગવાને કહ્યું, "અસંવિભાગી ન હુ તસ્સ મુખ્ખોઠ વિવેકહીન સંગ્રહ અને તેનો ભોગ ઉપભોગ ગણાવીને દુર્ગતિ તરફ લઈ જશે, પરંતુ પોતાના સંગ્રહમાં બીજા જરૂરિયાતવાળાનો પણ ભાગ છે અને તેને હિસ્સેદાર બનાવવાની સેવાભાવના તેને બંધમાંથી મુક્તિ પ્રતિ અવશ્ય લઈ જશે.

ભગવાને માત્ર ગૃહસ્થ જ નહિ, સાધુઓને પણ સેવામાર્ગનું પાલન કરવા જણાવ્યું છે. જો કોઈ સાધુ પોતાના બીમાર અથવા સંકટમાં સપડાયેલા સાથીને છોડીને ચાલ્યા જાય અને તપશ્ચર્યા અને શાસ્ત્ર સ્વાધ્યાય કરવા માંડે તો તે અપરાધી છે. તે સંઘમાં રહેવાપાત્ર નથી. તેને પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. સેવા જ એક મોટું તપ છે.

તીર્થંકર નામકર્મ ઉપાર્જનના વીસ બોલમાં ૧૯મો બોલ વૈયાવચ્ચનો છે. ઉત્કૃષ્ટ ભાવે સેવા વૈયાવચ્ચ કરવાથી સ્વયં ભગવાન બની શકાય છે. એટલે જ ઉત્તરાધ્યન સૂત્રમાં ભગવાને હ્યું છે, **"વૈયાવચ્ચેણ તિત્થયર નામગોતં કમ્મ નિબન્ધઈ"**

"વૈયાવચ્ચ ગુણધરાણં નમો નમઃ" વૈયાવચ્ચનો ગુણ ધારણ કરનાર અને જીવનમાં ચરિતાર્થ કરનાર વંદનને પાત્ર છે.

બાળક, વૃદ્ધ, ગ્લાન, રોગી, તપસ્વિની વૈયાવચ્ચ સેવાને જૈન તપોમાર્ગમાં બત્રીસ અભ્યંતર તપરૂપે સ્થાન મળ્યું છે.

વિશ્વની તમામ ધર્મપરંપરાએ સહાનુભૂતિની વાત કહી છે, જ્યારે જૈન ધર્મે ત્યાંથી આગળ વધીને સમાનાભૂતિની વાત કરી છે. સહાનુભૂતિમાં દયા અને અનુકંપા અભિપ્રેત છે. જ્યારે સમાનાભૂતિમાં ગૌરવ અભિપ્રેત


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

મિત્તિ મે સવ્વ ભુએસુ
વેરં મજઝ ન કેણઈ...
શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘને
પુનઃ સક્રિય થઈ સાંસ્કૃતિક નાટક
ગોઠવવા બદલ હાર્દિક અભિનંદન.

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

છે. અન્યને દુઃખ કે પીડા ઉત્પન્ન થતાં હું દુઃખી થાઉં. પિડીત વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ પાઠવું તે એક વાત, પણ અન્યના દુઃખ કે પીડા જોઈ માત્ર દુઃખી ન થાઉં, પરંતુ મને એવા જ પ્રકારનું દુઃખ થયું છે એવી અનુભૂતિ કરું. જેવો મારો આત્મા છે એવો જ સામેની પિડીત વ્યક્તિનો આત્મા છે. આ દુઃખ મને થઈ રહ્યું છે એવી વેદનાની અનુભૂતિ કરું અને પછી તેની સેવા-વૈયાવચ્ચ કરું તો નિજી સંવેદના બની જશે.

તીર્થંકરો દીક્ષા પહેલાં વર્ષીદાન દ્વારા પરિગ્રહ વિસર્જન કરે છે. તેમાં પણ સેવાની ભાવના અભિપ્રેત છે. આ સંદર્ભે ભગવાન મહાવીર અને ગણધર ગૌતમ વચ્ચે થયેલો એક સંવાદ પ્રેરક છે.

ગૌતમ "જે દીન-દુઃખીની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે. મારા ધન્યવાદને પાત્ર છે."

ગૌતમે જિજ્ઞાસા સ્વરે પૂછ્યું.

ભન્તે! દુઃખીઓની સેવાની અપેક્ષાએ તો આપની સેવા વધુ મહત્ત્વની છે. આપ તો પવિત્ર આત્મા છો. ક્યાં આપ અને ક્યાં સંસારનાં આ પામર પ્રાણીઓ જે પોતાનાં કર્મોના ફળ ભોગવી રહ્યાં છે.

"ગૌતમ! મારી સેવા મારી આજ્ઞાનું પાલન કરવામાં છે, એનાથી ઉપર કશું નથી. મારી આજ્ઞા તો દીન-દુઃખીની સેવા અને પ્રાણીમાત્ર પર દયા રાખવી તે છે અને તે જ મુક્તિનો ખરો માર્ગ છે."

સાચો સેવક તેના આશ્રિતો માટે કલ્પવૃક્ષ સમાન છે. કલ્પવૃક્ષની છાયામાં ઊભેલ વ્યક્તિ તેની મનવાંછિત ઈચ્છાની તૃપ્તિ કરે છે તેમ સાચો સેવક તેની નિશ્રામાં રહેલ આશ્રિતોની તમામ ઇચ્છાઓ પૂર્ણ કરે છે.

સમ્રાટ ચંદ્રગુપ્ત, શ્રેણિક, કલિંગ, સમ્રાટ કારવેલ, ગુર્જર નરેશ કુમારપાળે સેવાભાવનું પ્રતિબિંબ ઝીલ્યું. જગડુશા, પેથડશા અને ભામાશા જેવાએ દાન દ્વારા સેવાભાવને ચરિતાર્થ કર્યો અને શ્રમણ પરંપરાની જૈન સંસ્કૃતિમાં સેવાભાવને ઉજાગર કર્યો.

જૈનાચાર્ય વિજયવલ્લભસુરિ, મુનિશ્રી સંતબાલજી અને ઉપાધ્યાય અમરમુનિ જેવા સંતોએ સેવાભાવની વિશિષ્ટતાનાં દર્શન કરાવ્યાં છે.

મુનિશ્રી સંતબાલજીએ કહ્યું છે, "સર્વ ક્ષેત્રમાં રહીએ તો પણ આત્મભાન નવ વિસ્મરીએ."

મુનિશ્રીની આ પંક્તિમાં સેવાભાવ સહિત બધી પ્રવૃત્તિ કરતાં પણ આત્મજાગૃતિમાં રહેવાની શીખ અભિપ્રેત છે.


**રાપર ગઢવાળી નાની સિંધોડી મિત્ર મંડળ આયોજિત પર્યુષણ મહાપર્વ**

દર વર્ષની જેમ રાપર ગઢવાળી ખાતે પર્યુષણ મહા પર્વ ઉલ્લાસભેર અને સંપૂર્ણ ધાર્મિક વાતાવરણમાં ઉજવાય છે.

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠથી પધારનાર આરાધનાકાર શ્રીમતી નિર્મલાબેન મહેન્દ્ર ગડા, મધુબેન પોપટલાલ છેડા તથા વાસંતીબેન મનસુખ ગાલાએ મહાપર્વમાં રંગ જમાવી દીધો છે. અત્યારે ત્રણ જણની અઠ્ઠાઈ-નિકુંજ પ્રફુલ્લ નાગડા, હરીશ ત્રિકમજી નાગડા અને સંગીતા હરીશ નાગડા ૧૦ જણના ઉપવાસ, એકાસણા આદિ તપ ચાલુ છે. મહા પર્વમાં ૧૩૦ ગામવાસીઓ ભાવવિભોરથી ભક્તિ-આરાધના કરે છે. સંપૂર્ણ કાર્યક્રમ કન્વીનર શ્રી દામજી લધુભાઈ લોડાયા અને શ્રી હીરાચંદ વિસનજી નાગડાના માર્ગદર્શન હેઠળ સુચારુરૂપથી સંકલિત થાય છે.

**રાપર ગઢવાળી–નાની સિંધોડી મિત્રમંડળ પદાધિકારીઓના જય જિનેન્દ્ર !**



**રાપર ગઢવાળી – નાની સિંધોડી ગામવાસીઓ જોગ,**

**શ્રી ગોડિયા પાર્શ્વનાથજી સખી મંડળ**

આયોજિત હૈદ્રાબાદ-કુલપાકજી યાત્રામાં જોડાઓ

**ચૈત્ય પરિપાટી :** સખી મંડળ આયોજિત યાત્રા જે ગુરૂવાર તા.૨૭-૯-૧૨ મુંબઈથી નીકળી મંગળવાર તા.૦૨-૧૦-૧૨ને મુંબઈમાં પૂરી થાય છે. જેમાં હૈદ્રાબાદના ધાર્મિક તથા પ્રેક્ષણીય સ્થળ કુલપાકજી, નવગ્રહ, ચૈતન્યપુરીનો સમાવેશ થાય છે. વ્યક્તિ દીઠ રૂા.૬૫૦૦/- (અંકે રૂપિયા છ હજાર પાંચસો પુરા) રાખવામાં આવેલ છે. વહેલી તકે ફોન ૯૭૦૨૦૮૬૦૨૭ આ નંબર ઉપર નામ નોંધાવવા વિનંતી છે.

વિનીત :

**શ્રી ગોડિયા પાર્શ્વનાથજી સખી મંડળ**

## પર્વ પર્યુષણનાં પાંચ કર્તવ્યો

કલ્પસૂત્રની રચના ૧૪ પુર્વધર ભદ્રબાહુ સ્વામીના નામથી વિખ્યાત છે. આ પર્વના સમાપ્તિ ટાણે પાંચ કર્તવ્યોનું આપણે વિહંગાવલોકન કરી લઈએ.

**૧) અમારી પ્રવર્તન, ૨) અઠ્ઠમ તપ ૩) સાધર્મિક વાત્સલ્ય ૪) પરસ્પર ક્ષમાપના ૫) ચૈત્ય પરિપાટી**

**૧) અમારી પ્રવર્તન :** અમારી પ્રવર્તનના કર્તવ્યમાં પૂ.આ. હીરસૂરીશ્વરજી મહારાજે અકબર બાદશાહના હૃદય પર દયાને સ્થિર કરીને જે અહિંસાનાં ફરમાનો બહાર પડાવ્યાં હતાં તેનો ખૂબ જ આદરપુર્વક ઉલ્લેખ થાય છે.

આજના યુગનો પ્રશ્ન છે કે પ્રાણીદયાની વાતની સાથે માનવ જેવા મહામૂલા પ્રાણી તરફનો કઠોર અને ક્રૂરતાભર્યો વ્યવહાર રાખવો સારો નથી.

અમારી પાલનના આ અર્થને પણ સમ્યક રીતે વિચારવો જરૂરી છે. જીવદયાની વ્યાખ્યામાં નાનામાં નાના જીવને સમાવવો જ જોઈએ. પણ સર્વશ્રેષ્ઠ જીવ માનવ એ જીવદયાની પરિધિની બહાર ન જ જવો જોઈએ. "દવાનો કોઈ વ્યાપારી દસ લાખ રૂપિયા જીવદયામાં આપે, પણ માનવના જીવન માટે મારક થઈ શકે એવી ૫૦ લાખની નકલી દવા વેચે તો તેનો વ્યવહાર કોઈ પણ રીતે સારો ન જ કહી શકાય.

**૨) અઠ્ઠમ તપ :** આજે તો તપ સંસ્કારવાળા પરિવારોમાં અઠ્ઠમ જાણે રમત જેવો તપ થઈ ગયો છે. પોષ દશમીનાં આયોજનોમાં કદાચિત બધા મળીને ૧૫થી ૨૦ હજાર અઠ્ઠમ પ્રતિવર્ષ થતાં હશે, પણ હજી લોકો તપથી થોડા દૂર છે. તેમને આ તપ માટે પ્રેમથી જોડવા જેવા છે. બાકી તો અઠ્ઠમ તપનો સાથે મેળ મળે એવું બાકીનું જીવન ગોઠવવું જ જોઈએ.

એક એવો પ્રવાહ ચાલે છે કે અઠ્ઠમ થયા પછી શરીર દેવ અધિષ્ઠિત બને છે. આનો વૈજ્ઞાનિક સંદર્ભ પણ શોધી કાઢવા જેવો છે. "કરો અઠ્ઠમ, નો કષ્ટમ" અઠ્ઠમ કરો એટલે કોઈ કષ્ટ ન રહે.

**૩) સાધર્મિક વાત્સલ્ય :** આ સુંદર વિષય પર આગળ વધતાં ભવ્ય દષ્ટાંતો અપાયાં છે. માંડવગઢમાં તે વખતે એક લાખ જૈનોનાં ઘર શહેરમાં આવતા દરેક નવા જૈનને એક રૂપિયો અને એક ઈંટ મળે. અર્થાત માંડવગઢમાં આવતાં જ શ્રાવક લક્ષાધિપતિ બની જાય તે વાત અનુકરણીય છે. જૈન સંઘ આ કર્તવ્યને પ્રાયોરિટી આપે- પ્રધાનતા આપે તો આ કાર્ય અશક્ય નથી. Jain for Jain પ્રત્યેક જૈન પ્રત્યેક જૈન માટે જ છે. આ સૂત્રનો અમલ જરૂર ક્રાંતિકારી પરિવર્તન કરી શકે તેમ છે. મારો કોઈ ભાઈ દુખી ન રહે લેવી ભાવના સદા કેળવીએ.

**૪) પરસ્પર ક્ષમાપના :** કષાયના ક્ષયનો આદર્શ... અહંકારની વિદાયનો આદર્શ... જૈન શાસનનો મહાન આદર્શ છે અને એ માટે ક્ષમાપનાનું કર્તવ્ય છે. જૈન સંઘ ગામડાંની વ્યવસ્થામાં મહાજન રૂપ હતો. આ મહાજનની દૃષ્ટિ અને પ્રભાવ એવાં હતાં કે ઇતર કોમ પણ પોતાના ઝઘડાને પ્રેમથી સમાપ્ત કરવા મહાજન સામે દૃષ્ટિ રાખતી. ક્યારેક સંઘ કે મહાજન પોતાનું ઘસાઈને પણ પરસ્પર મેળની સાધના કરી આપતા હતા. ક્ષમાપનાનું આ કર્તવ્ય જૈન સંઘની સૌથી મોટી મૂડી છે.

**૫) ચૈત્ય પરિપાટી :** ચૈત્ય એટલે માત્ર મંદિર જ નથી. ચૈત્યના વ્યાપક અર્થમાં જંગમ્ તીર્થ સમાન સાધુ-સાધ્વીજી પણ આવે છે. આવાં તીર્થો જિનાલય અને પ્રત્યક સાધુ-સાધ્વીજી આદરપૂર્ણ નિકટતા જૈન શ્રાવકોએ રાખવી જોઈએ. આજે માત્ર પોતાનાં પરિચિત સાધુ-સાધ્વી પ્રત્યે જ ખેંચ હોય તેવો ભાવ રહે છે જે ઉચિત નથી પરિપાટીનું કર્તવ્ય એ છે કે એક શ્રમણોપાસક જૈન સંઘ અને સમસ્ત સાધુ-સાધ્વી દ્વારા જિનશાસન જેવો વ્યાપક બને. વિશાળ બને ને "જૈનમ્ જયંતિ શાસનમ્" નો ઉદ્‌ઘોષક બને. **(સંકલિત)**

## કાવ્ય-પ્રકાશ : જુગ જુગ જીવો "પ્રકાશ સમીક્ષા"

હૃદયમાં ભાવ જાગે તેમ લખતો જાઉં છું
આંખ મીંચાય પહેલાં કંઈક કામ થયું, મનમાં હરખાઉં છું
મળ્યા છે પ્રેમીઓ મને આપ જેવા આ જગતમાં,
વાતો વિચારૂં ઘણું પણ આ વાત રાખું છું મગજમાં,
પ્રેમીઓ સંદેશા, ફોન કે SMS થી મોકલાવે છે.
વાંચી-સાંભળી મદને બદલે હૈયું મારૂં હરખાય છે.
જો કુદરતે કળા અને સદ્‌બુધ્ધિ તમને આપી,
તો મોકલી આપો "પ્રકાશ સમીક્ષા"ને, એ જ્ઞાતિમાં દેશે પસારી,
"પ્રકાશ સમીક્ષા" દેશભરમાં પ્યારૂં છે
ન માત્ર પુસ્તિકા પણ જ્ઞાતિનું અણમોલ બારૂં (window) છે.
હર ગામ-શહેરના ખરા સમાચાર એ લાવે
શું ચાલે છે નાતમાં એ દિલથી દર સપ્તાહે સમજાવે,
અબોલ "પ્રકાશ સમીક્ષા" ઘણું કહી જાય છે!
નિર્દોષ ભાવે જ્ઞાતિહિતોપયોગી વિચારો રજુ કરી જાય છે.
જુગ જુગ જીવો આપણું "પ્રકાશ સમીક્ષા"
અમને તો રહેશે હર સપ્તાહ તારી પ્રતિક્ષા...

*- અનિલ હીરાચંદ ધુમ (કોઇમ્બતુર)*

## પ્રકાશ યાત્રા : છઠ્ઠા વર્ષે નવેમ્બર ૧૯૨૯માં “શ્રી કચ્છી દશા ઓશવાળ પ્રકાશ”નું પ્રકાશન

શ્રી કચ્છી દશા ઓશવાલ પ્રકાશનો પાંચમો વાર્ષિક અંક ઓક્ટોમ્બરને બદલે જૂનમાં જ પ્રગટ કરવામાં આવ્યો. તે અંકમાં પ્રકાશક ફ્રેન્ડલી યુનિયનના સભ્યોએ જે યુવક સંમેલન બોલાવેલું તેને ઘણી સફળતા ન મળી તેનો અફસોસ અને થોડી હતાશા જોવા મળે છે.

અલબત્ત, સમાજજીવનના પ્રવાહો ઘણી વખત કોઈ



શ્રી કચ્છી દશા ઓશવાળ

# પ્રકાશ

( માસિક પત્ર )

પુસ્તક ૬ ] કારતક: ૧૯૮૬ :: નવેમ્બર: ૧૯૨૯ [ અંક ૧ લો.

## રસાંજલિ

એક પક્ષ કે બન્ને પક્ષોની મરજીઓથી વિરુધ્ધ રીતે વર્તતા હોય છે.

ફ્રેન્ડલી યુનીયનના સભ્યો ઇચ્છતા હતા કે જ્ઞાતિનો યુવકવર્ગ સમાજ સુધારણાના કામમાં લાગી જાય. એ માટે તેમણે લગભગ ચારેક વર્ષ મહેનત કરી હતી. જ્ઞાતિ આગેવાનો જે થોડાઘણા પણ સમાજ સુધારણા માટે અનુરોધ કરવા તૈયાર હોય તેમને ગોતવા તથા સમજાવવા માટે તેમણે ઘણી મહેનત કરી હતી. સંમેલન થયું તેમાં તેમના આગ્રહથી જે જ્ઞાતિ આગેવાનો આવેલા તેમણે જ્ઞાતિની શિક્ષણ સહાય પ્રવૃતિનું સંકલન થાય અને તે એક છત્ર હેઠળ આવે તેમજ એવી જ રીતની કેન્દ્રીય બેંક બને એવા પોતાને વધુ અગ્રતાવાળા લાગતા મુદ્દાઓની જ વાત કરી, એક અર્થમાં ફ્રેન્ડલી યુનિયનવાળા સુધારાવાદીઓ પોતાનાજ મંચ પર પોતાની વાત કહેવડાવવામાં અસફળ રહ્યા.

જોકે, જ્ઞાતિએ પોતાની રીતે યુવા સંમેલનની ખાસ નોંધ લીધી. વડીલવર્ગ પણ એમ વિચારતો થયો કે પોતે જૂની ઘરેડ રાખશે તો પોતાને નવા પડકારોનો સામનો કરવો પડશે. આ એજ સમયગાળો છે કે જ્યારે રાષ્ટ્રીયસ્તરે ગાંધીજીની દાંડીકૂચ અને ઝંડા સત્યાગ્રહની ભૂમિકા રચાવા રૂપે ઈ.સ.૧૯૨૯માં શહીદ ભગતસિંહને ફાંસી અપાઈ તે પછી કોંગ્રેસમાં તે વખતે યુવાનીના તરવરાટનું પ્રતીક ગણાતા જવાહરલાલ નેહરૂ પૂર્ણ સ્વરાજનું એલાન કરી ચુકયા હતા.

એકંદરે કહીએ તો રાષ્ટ્રીય પરિવર્તન સાથે કચ્છી દશા ઓસવાલ સમુદાયનું સમાજજીવન કે જાહેરજીવન નવા વાઘા પહેરવા ઉત્સુક હતું. અલબત્ત, આવનારા પરિવર્તનને આવકારનારા કે સાનુકૂળતા આપનારા તત્વો થોડા વેરવિખેર હતા.

આ સંજોગોમાં “પ્રકાશ”ને માસિક બનાવવાનો નિર્ણય લેવાયો. બીજા પાના પર નૂતન સ્વરૂપ અંગે કહેવાયું છે કે “નવલ વર્ષના સુરમ્ય પ્રભાતે” વાચક વર્ગ સમક્ષ “પ્રકાશ” નૂતન સ્વરૂપે ખડું થાય છે. પાંચ પાંચ વર્ષના વહણાં વાયા પછી વાર્ષિકમાંથી માસિક સ્વરૂપે આપના કરકમળમાં અસ્ખીલીત સેવાવ્રતધારી “પ્રકાશ”ને મૂકવાનું ભાગ્ય પ્રાપ્ત કરવાનું સામર્થ્ય અમને સમાજે આપ્યું છે. તેને કાજે તેને



૨ ક. દ. ઓ. પ્રકાશ

શ્રી કચ્છી દશા ઓશવાળ પ્રકાશ

“ જેણે ખરો પ્રયત્ન કર્યો છે તેને માત્ર પરાજયનો થાક ચડતો નથી. ખરી મહત્તા પ્રયત્નમાં છે. જય અને પરાજય બન્ને અકસ્માત છે. ”

## નૂતન સ્વરૂપ

નવલ વર્ષના સુરમ્ય પ્રભાતે વાચકવર્ગ સમક્ષ ‘પ્રકાશ’ નૂતન સ્વરૂપે ખડું થાય છે. પાંચ પાંચ વર્ષનાં વહાણાં વાયાં પછી વાર્ષિકમાંથી માસિક સ્વરૂપે આપના કરકમળમાં ...

સમજાય છે કે તે લખનાર ખરેખર વિદ્વાન વ્યક્તિ હશે. આ તંત્રીલેખ સાથે મોહનલાલ દલીચંદ દેસાઈ જેવા વિદ્વાન પત્રકારે શું કરવું અને શું ન કરવું જોઈએ તેની સમજ આપતું અવતરણ છે.

એ પણ નોંધવા યોગ્ય છે કે પ્રથમ પાના પર સેવા વિશેનો ચિંતનાત્મક લેખ છે. ત્રીજા પાને મનપસંદ વિષયો હિંદુ વિધવાની ફરિયાદ વિશેની કચ્છી ગઝલ તથા "સંમેલન થયું, આગળ શું?" છે.

સૌથી હિંમતભર્યો લેખ છે "શું તમે તમારી અર્ધાંગનાને વફાદાર છો." સ્ત્રીઓ પર અંકુશ રાખી તેમને ફરજિયાત પતિ-સાસરિયાને વફાદાર રહેવાની ફરજ પડાય છે અને પતિઓ બેફામ વ્યાભીચાર કરે છે તે અંગે અહીં પૂરો આક્રોશ ઠલવાયો છે.

શ્રી ક.દ.ઓ. જૈન પાઠશાળાના સંચાલકોને કન્યાશાળા સ્થાપવાનું સૂચન થયું છે.

ફ્રેન્ડલી યુનિયન યુવાશક્તિને જગાડવાને મહત્વ આપતું હોવાથી દર મહિને સમાજના પ્રાસંગિક લેખ એક ગ્રેજ્યુએટ આગેવાન તરફથી આપવાની શરૂઆત "વિનાશને પંથે વિચરતો યુવા વર્ગ." નોકરી અને ધંધા વગર જ્ઞાતિનો યુવા વર્ગ સટ્ટા અને જુગારમાં કેવી રીતે જિંદગી બરબાદ કરે છે તેની ફરિયાદ છે.




અભિનંદન ઘટે છે. સમાજના અલગતા પ્રશ્નોની સમાલોચનાનું સાધન બની "પ્રકાશ" અહોનિશ સમાજની સેવામાં તત્પર રહે એ અમારી મનોભાવના છે. સમાજના અઘટિત બંધનોને તોડવા માટે "પ્રકાશ" પ્રત્યેક પ્રયત્ન આદરશે. સામાજિક જીવનને સચેત બનાવવા દરેક બાબતનું સાર્વજનિક દૃષ્ટિએ વિવેચન કરી સ્વતંત્ર અભિપ્રાય જાહેરમાં મૂકવા બનતું કરવામાં આવશે, પક્ષપાતને એમાં સ્થાન રહેશે નહીં.

આજ અને આવતીકાલની ભાવના સૃષ્ટિ વડવાનો અમારો નિર્ધાર છે, તેમ કરવામાં સમાજના સહકારની આવશ્યકતા છે અને સમાજ તે જરૂર યોગ્ય વખતે આપી છૂટશે એટલી અમોને ખાત્રી છે. સમાજ ઉપરના આવા અડગ વિશ્વાસને કારણે અમારો આશાવાદ અખંડિત રહ્યો છે.

પોતે શું કરવા માંગે છે તે જણાવી સમાજનો સાથ માંગવા પછી પ્રકાશન પ્રવૃતિ શરૂ કરવા માટે તેમનો મૂળ ઉદ્દેશ્ય છે તેની સ્પષ્ટતા કરતાં કહ્યું છે "સામાજિક ક્રાંતિ અને વિપ્લવનો વર્તમાનકાળ આપણા સમાજ પર અસર નહીં કરે એ સંભવે જ નહીં. થોડીઘણી અસર તો ક્યારનીયે થઈ ચૂકી છે. સમય સબળ અસર આણશે અને યુગ પલટો કરાવશે.

તંત્રીલેખ જેવા લેખની ભાષા જોઈએ તો સ્પષ્ટ






સમાચારમાં ક્યાં જુગાર રમતા પકડાયા તેની પણ વિગત છે. એકંદરે જોઈએ તો સમાજસુધારણા સાથે વિચારપ્રેરક લેખોનો મેળ બેસાડવામાં આવ્યો છે.

**- *ચંદ્રસેન મોમાયા***


# સનસીટી ડેવલપર્સ-ભુજ

## સનસીટી-૨

### ચૌદમી મીટીંગના વિજેતાઓને અભિનંદન

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનુ નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1616 | હોન્ડા સીડી ડોન | યોગીતા નરેશ ધર્મવાણી-ગાંધીધામ | લબ્ધીભાઈ/દેવકીબેન |

કોમ્પ્યુટર સેટ: ૧૩૨૭, હેન્ડીકેમ કેમેરો: ૧૧૧૬, ફ્રિઝ ૨૩૦ લિ.: ૨૫, આટા મેકર: ૭૮૫

**-: આશ્વાસન ઈનામો :-**

(૧. ફ્રીઝ): ૧૩૨૭, (૨. ટીવી) : ૧૯૭૬, (૩. વોશીંગ મશીન) : ૬૫૯
(૪ થી ૫ ઓવન) : ૬૯૭, ૧૨૦૩
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૪૧૫, ૮૫૮, ૧૩૬૨, ,૧૦૧૪, ૧૩૭
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૧૩૧૦, ૧૫૪૯, ૧૨૬૧, ૨૦૦૪, ૧૨૦૬
(૧૬ થી ૨૫ સેન્ડ્વીચ મેકર) : ૬૧૩, ૧૨૧, ૬૮૦, ૩૦૮, ૧૦૮૧, ૧૯૪૪, ૧૫૫૭, ૨૧૪૩, ૧૭૨૩, ૪૪૯
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૫૨, ૧૫૯૨, ૬૮૩, ૧૬૦૦, ૨૧૪, ૧૯૬૧, ૪૬૭, ૧૮૪૩, ૨૦૮૫, ૧૭૭
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૨૧૭૮, ૧૯૫૫, ૬૨૪, ૨૦૯૬, ૧૧૯૫, ૮૭૮, ૧૩૬૧, ૧૨૮૪, ૫૧૦, ૭૧૫
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૧૯૫૪, ૯૧૬, ૧૮૩૧, ૧૭૨૨, ૧૨૮૫, ૭૭૫, ૧૫૬૩, ૧૫૫૮, ૫૬૨, ૧૧૭૦, ૧૪૮૫, ૧૪૫૧, ૧૭૧૧, ૧૭૫૩, ૧૯૭૧, ૯૪૯, ૩૯૪, ૧૩૦૧, ૧૫૦૮, ૬૩૮
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૧૬૩૦, ૨૦૦૦, ૨૦૭૨, ૫૭૩, ૨૧૫, ૨૧૪૯, ૨૧૭૫, ૧૩૩૦, ૮૮, ૯૨૩, ૨૨૦૩, ૧૬૯૫, ૯૧, ૯૪૮, ૧૬૭૨

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ. મો.:99065 47953 E-mail: sundevelopers.co.in**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**


## સર્વ જીવોની ક્ષમાપના

આપણે પર્યુષણપર્વની ઉપાસના કરવાની છે, ઉજવણી નહીં. શું ક્ષમા આપણા જીવનમાં ઘૂંટાઈ છે કે માત્ર મૌખિક કે ઔપચારિક બની ગઈ છે? શું આપણે એક જ કૂદકે આત્માને પરમાત્માની નિકટ મૂકી દેતી પ્રચંડ તાકાત ધરાવતી આ ભાવનાને માત્ર સગવડિયા ક્ષમા બનાવી દીધી નથી ને? સંવત્સરી પ્રતિક્રમણ કરી "ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા ખમંતુ મે" એટલું કહી દીધું એટલે ૩૬૫ દિવસનાં બધાંય પાપ રાતોરાત ધોવાઈ ગયાં અને આપણો આત્મા નિર્મળ થઈ ગયો એમ તો માની બેઠા નથી ને ? માત્ર બે હાથ જોડીને બોલી દેવાથી, ફોન પર કહી દેવાથી કે છાપેલું કાર્ડ મોકલી દેવાથી કશું નહીં વળે. ક્ષમા તો એવી હોવી જોઈએ કે જે માગતાં મનનો મોરલો ક્ષણવાર પણ આઘાત અનભવે નહીં.

સંસારની શેરીઓમાં જેનાથી હેતપ્રીતનાં તોરણ બંધાય અને વઢવેલના કાતિલ કાંટા અવળા ફરી જાય એનું નામ ક્ષમા. અંતરના તાર અમી વરસાવે, સંસાર મનનો મીત લાગે તેનું નામ ક્ષમાપના. ક્ષમાની સાહજિકતા વિશે સંત જ્ઞાનદેવ કહે છે.

***સહન કરત સબ મેં બડો, ગર્વ ન ક્ષમા કરાય,***
***જિમિ શરીર રોમહિ ધરત, તાકો સુધિ વિસરાય."***

(શરીર પર અસંખ્ય રોમાવલીઓ છે, પણ જે રીતે શરીરને એનો ખ્યાલ રહેતો નથી એ જ રીતે બધું સહન કરવા છતાં જરા પણ અભિમાન થવા દેવું નહીં તે ક્ષમા છે.)

આવી ક્ષમાને - "ક્ષમા તેજસ્વિનાં તેજઃ ક્ષમા બ્રહ્મ તપસ્વિનાં" એટલે કે ક્ષમા તેજસ્વીઓનું તેજ અને તપસ્વીઓનો બ્રહ્મ છે, પણ ખરેખર આપણે તપસ્વી રહ્યા છીએ ખરા? કે પછી દંભ, ડર કે કાયરતાનો અંચળો ઓઢીને બેઠા છીએ? આપણે જોઈએ છીએ કે ઘણાને જૂઠનો ભય નથી, પણ જૂઠાણું પકડાઈ જવાનો ભય છે, પાપનો ભય નથી, પણ પાપ આચરતાં ઝડપાઈ જવાનો ભય છે, ચોરીની બીક નથી પણ ચોરી ઉઘાડી પડી જવાની ભીતિ છે.

માનવી જ્યાં સુધી ભયભીત છે ત્યાં સુધી ક્ષમાપનાને પામી શકતો નથી. આચાર્ય ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે :

જં દુક્કડં તિ મિચ્છા, તે ભુજ્જો કારણં અપૂરતો,
તિવિહેણ પડિહંતો, તસ્સ ખલુ દુક્કડમ મિચ્છા.

(જે સાધક મન, વચન અને કાયાના ત્રણેય યોગથી પ્રતિક્રમણ કરે છે, જે પાપનો મિચ્છામિ દુક્કડં દે છે અને પુનઃ તે પાપ કરતો નથી તેનું દુષ્કૃત-પાપ મિથ્યા થઈ જાય છે. પાપને જાણીને, તેનો નિખાલસ એકરરાર કરીને તેમ જ એ પાપો ફરી ન કરવાની કૃતનિશ્ચયી પ્રતિજ્ઞા લેવાય ત્યારે જ ક્ષમાપનાની નજીક પહોંચાય છે.)

**- *પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ***

## Treat for All...

### 1 Number Scope

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 16 | - | | + | | = | 12 |
| - | ■ | + | ■ | x | ■ | ■ |
| | - | 2 | x | | = | 20 |
| x | ■ | + | ■ | x | ■ | ■ |
| | x | | - | 5 | = | 10 |
| = | ■ | = | ■ | = | ■ | ■ |
| 20 | ■ | 11 | ■ | 20 | ■ | ■ |

### 2 Number Scope

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | - | 3 | + | | = | 10 |
| x | ■ | + | ■ | x | ■ | ■ |
| 2 | x | | - | | = | 14 |
| + | ■ | + | ■ | + | ■ | ■ |
| | + | | + | 3 | = | 15 |
| = | ■ | = | ■ | = | ■ | ■ |
| 19 | ■ | 18 | ■ | 15 | ■ | ■ |

### 3 1 to 25

Fill the grid with consecutive numbers that connect horizontally, vertifically, or diagonally from first to the last numebr in the grid. The first and last numbers of the puzzle and some other numbers are already filled in.

| | | | | |
|---|---|---|---|---|
| | 15 | 18 | | 21 |
| | | 16 | | |
| 12 | 6 | 23 | | |
| 11 | | 45 | | |
| | 9 | | 1 | 25 |

### 4 Figure Forest

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ■ | ■ | | | | ■ | |
| | | ■ | ■ | | | | | | | ■ | |
| | | | | | ■ | ■ | | | | | |
| | ■ | | ■ | ■ | | | | ■ | | | |
| ■ | ■ | | | | | | ■ | ■ | ■ | | |
| | ■ | | ■ | | ■ | | | | | | ■ |
| | | | ■ | | ■ | | | | | | |
| | | | | | ■ | | | | | ■ | ■ |
| | ■ | ■ | | | | | | | | | |
| ■ | 7 | | | | ■ | ■ | | ■ | | | |
| ■ | 6 | ■ | | ■ | | | | ■ | | ■ | |
| | 2 | ■ | ■ | | | | | | ■ | ■ | |

Two Figure : 13, 35, 37, 76, 82, 89, 92, 94, 99,

Three Figure : 149, 264, 292, 361, 387, 428, 526, 675, 726, 762, 932

Four Figure : 1947, 3218, 3685, 4683, 6278, 6925, 7483, 8894, 9632, 9784

Five Figure : 19564, 18749, 34172, 48357, 56831, 74138, 81945, 92153, 93159

Six Figure : 156893, 523875, 783926, 829435, 953821

### 5 Number Chain

Use signs of +, -, x & ÷ and complete the chain.

| | | | | |
|---|---|---|---|---|
| 1 | | 3 | | 6 |
| | 2 | = | 5 | |
| 9 | | 8 | | 7 |

Start

### 1 Answer

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 16 | - | 6 | + | 2 | = | 12 |
| - | ■ | + | ■ | x | ■ | ■ |
| 12 | - | 2 | x | 2 | = | 20 |
| x | ■ | + | ■ | x | ■ | ■ |
| 5 | x | 3 | - | 5 | = | 10 |
| = | ■ | = | ■ | = | ■ | ■ |
| 20 | ■ | 11 | ■ | 20 | ■ | ■ |

### 2 Answer

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 7 | - | 3 | + | 6 | = | 10 |
| x | ■ | + | ■ | x | ■ | ■ |
| 2 | x | 8 | - | 2 | = | 14 |
| + | ■ | + | ■ | + | ■ | ■ |
| 5 | + | 7 | + | 3 | = | 15 |
| = | ■ | = | ■ | = | ■ | ■ |
| 19 | ■ | 18 | ■ | 15 | ■ | ■ |

### 5 Answer

| | | | | |
|---|---|---|---|---|
| 1 | x | 3 | ÷ | 6 |
| - | 2 | = | 5 | + |
| 9 | + | 8 | - | 7 |

Start

### 3 Answer

| | | | | |
|---|---|---|---|---|
| 14 | 15 | 18 | 19 | 21 |
| 13 | 17 | 16 | 22 | 20 |
| 12 | 6 | 23 | 4 | 3 |
| 11 | 7 | 45 | 24 | 2 |
| 10 | 9 | 8 | 1 | 25 |


મિચ્છામિદુક્કડમ્

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

મિચ્છામિદુક્કડમ્

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. સમાજ-વડોદરા

અત્રે કે.ડી.ઓ. નગરે વિમલનાથપ્રભુની શિતળ છાયામાં ૧૧મા વર્ષીતપના આરાધક પૂ. ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.આ.ઠા.૨ની નિશ્રામાં અદ્વિતીય ધર્મ આરાધના અને જિનભક્તિનો માહોલ જામ્યો છે.

પૂજ્યશ્રીઓની નિશ્રામાં પ્રતિદિન શાંત સુધારસ અને જયાનંદ કેવલી ચરિત્ર ઉપર તાત્વિક, માર્મીક અને સારગર્ભિત જ્ઞાનની નદીઓ વહી રહી છે. સાથે ૨૪ તીર્થંકર જન્મ કલ્યાણક તપ, નવકાર તપ, અક્ષયનિધિ તપ અનેકવિધ તપશ્ચર્યાઓ ચાલે છે. દેવ-ગુરૂની કૃપાએ સોળભત્તો અને મહામૃત્યુંજય માસક્ષમણ તપના તોરણ બંધાયા છે. વિમલનાથપ્રભુજીનાં ૧૩ લાખ સામુદાયિક જાપ પૂર્ણ થયા.

પૂ.શ્રીનાં ૪૩મા દિક્ષા વર્ષ નિમિત્તે ૪૩ યુગલો સહિત ૧૦૮ પદ્માવતી મહાપૂજનનું આયોજન થયેલ. પૂજન દરમ્યાન પૂ.શ્રીની પછેડી ઉપર ચમત્કારિક રીતે કંકુનાં અમીછાંટણાં થતાં બધા ભાવવિભોર થયા.

પ્રથમવાર ૧૦૮ પદ્માવતી પૂજન દરમ્યાન વસુંધરા કુંભનું અનુષ્ઠાન થયેલ. જેનો ચડાવો રૂા.૭૨૦૭૨માં માતુશ્રી રતનબેન કાંતિલાલ શાહ (ટીકીટાર ઈન્ટસ્ટ્રીઝ) એ લીધેલ. પૂજન દરમ્યાન ૧૦૮ દીવાની આરતીનો ચડાવો રૂા.૧૧૫૦૧માં માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવારે લીધેલ. આ પૂજનનાં મુખ્ય દાતા તથા ૩૫ સહયોગી દાતા હતા. અનેકવિધ ધાર્મિક અનુષ્ઠાનો થકી વાતાવરણ ધર્મમય બની ગયેલ છે.

### નાંદેડમાં ચાતુર્માસ આરાધના

નાંદેડ સંઘમાં પૂ.સા. દિવ્યગુણાશ્રીજી આ.ઠા. સુંદર ધર્મ આરાધના કરાવી રહ્યા છે.

### જોગેશ્વરીમાં રાજસ્થાન અચલગચ્છનો વાર્ષિક સમારોહ

મુંબઈ જોગેશ્વરીમાં પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજીની નિશ્રામાં અખિલ રાજસ્થાન અચલગચ્છ જૈન સંઘનો વાર્ષિક સમારોહ તા.૨૯-૭-૧૨ના સંપન્ન થયો. પૂ.આચાર્યશ્રીએ રાજસ્થાન સંઘના ગૌરવપ્રદ ઈતિહાસને વર્ણવી સંઘના ઐક્યમાં રાજસ્થાની પાંખનું મહત્વપુર્ણ યોગદાન અને સહયોગને બિરદાવી પૂ. દાદાગુરૂના નવમ શતાબ્દિ, ગચ્છ પ્રગતિ અને ગુરૂગુણ જન્મ શતાબ્દિ ઉજવણીની હાર્દિક અપીલ કરી હતી. વાર્ષિક અહેવાલ અને યુવા પરિષદ રચનાની રજૂઆત થઈ. કાર્યક્રમ સૂત્રસંચાલન શ્રી મંગલચંદ શેઠે કર્યું. પૂજ્યશ્રી નવોત્થાન અને ધર્મજાગૃતિ અંગે પ્રેરણા આપી ગચ્છના ઉત્થાન માટે આશિર્વાદ આપ્યા હતા.

### શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

વિદ્યાર્થીસંઘ દ્વારા તા.૧૨-૮-૧૨નાં સાંજે કાલિદાસ હોલ-મુલુન્ડમાં ૩૯મો વાર્ષિકોત્સવ C.A. શ્રી કમલેશ શીવજી વિકમશીના અધ્યક્ષપદે ઉજવાયો. આ પ્રસંગે તેમણે જ્ઞાતિવિદ્યાર્થીઓ અને વાલીઓને ઉચ્ચ શિક્ષણ લેવા અપીલ કરતા જણાવ્યું કે જ્ઞાતિસંસ્થાઓ તરફથી દરેક પ્રકારે આર્થિક સહયોગ અપાશે. ઉચ્ચ શિક્ષણ સિવાય સમાજનો ઉધ્ધાર, વિકાસ અને પ્રગતિ નહીં થઈ શકે અને સ્વાવલંબી નહીં બની શકીએ. એટલેજ શિક્ષણ પ્રસાર માટે સહીયારા પ્રયત્ન કરી જ્ઞાતિ, સમાજ અને દેશને આગળ લઈ જઈએ.

મુંબઈ મહાજનના પ્રમખ શ્રી નયનભાઈ ભેદાએ જ્ઞાતિજનોને ઉચ્ચ અને વિશેષ શિક્ષણ માટે સંસ્થાઓ સર્વથા સહાયતા કરી પ્રગતિ સાધવામાં મદદરૂપ બનશે એમ જણાવી સૌને સહકાર આપી લાભ લેવા અપીલ


॥ મિચ્છામિદુક્કડમ્ ॥



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



Trust Regn. No. E-2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

કરેલ.વિદ્યાર્થીસંઘના પ્રમુખ શ્રી અનુજ લોડાયાએ વિદ્યાર્થીસંઘવતી જ્ઞાતિજનોએ આવકાર આપી વિદ્યાર્થીસંઘને પુનઃ સક્રિય કરાયો છે ત્યારે દરેકે સાથ સહકાર આપવા અનુરોધ કરેલ. કાર્યક્રમ સૂત્ર સંચાલન કુ. ભક્તિ દંડ અને શ્રી તેજસ ખોનાએ કરેલ. સંઘ તરફથી કાર્યક્રમનાં સહયોગી દાતાઓ અને અતિથીવિશેષોનું પુષ્પગુચ્છથી સ્વાગત અને સન્માન કરાયેલ. સંઘની કાર્યકર ટીમે વ્યવસ્થા જાળવી હતી.

આ પ્રસંગે "ચાલ, ઈશ્વર-ઈશ્વર રમીએ" પ્રવર્તમાન અંધશ્રધ્ધા અને ઢોંગી બાબાઓની ધંધાદારી પ્રવૃતિને ઉઘાડી પાડતું ગુજરાતી નાટક દર્શાવાયું હતું.

## આકોલામાં ધર્મ આરાધના

પૂ. મુનિ ધર્મપ્રભસાગજી આ.ઠા.-૩ની નિશ્રામાં આકોલા સંઘમાં સુંદર ચાતુર્માસ આરાધના થઈ રહી છે. પૂજ્યશ્રીએ નવકાર દરબાર જાપ અનુષ્ઠાનમાં સુંદર ભક્તિભાવના કરાવેલ છે.

## શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ

વિદ્યાપીઠ આયોજિત સમ્યગ્જ્ઞાન પ્રસારણમાં વય ૬ સુધીના નાના બાળકો માટે : ચૈત્યવંદન-ગુરુવંદન હરીફાઈ, વય ૬ થી ૯ સુધીના નાના બાળકો માટે : ચૈત્યવંદન-ગુરુવંદન હરીફાઈ (સામાયિક લેવા-પારવાના સૂત્રો સાથે), વય ૧૨ સુધીના બાળકો માટે : બે-પ્રતિક્રમણસૂત્ર કંઠસ્થ અભિયાન, વય ૨૫ સુધીના બાળકો-યુવાનો/યુવતીઓ માટે : પંચપ્રતિક્રમણ સૂત્ર કંઠસ્થ અભિયાન, નાના-મોટા સૌના માટે અખિલ ભારત ધોરણે: બે-પ્રતિક્રમણસૂત્ર કંઠસ્થ મહાભિયાન, નાના-મોટા સૌના માટે : પંચપ્રતિક્રમણસૂત્ર કંઠસ્થ મહાઅભિયાન-૨, શ્રી ગુણચોવીશી કંઠસ્થ હરીફાઈ, શ્રી ચોઢાળીયા કંઠસ્થ હરીફાઈ, શ્રી અચલગચ્છીય પૂજા હરીફાઈ (મંડળો માટે), "ગુણ મલકે સાગર છલકે" પુસ્તકના આધારે ઓપન બુક પરીક્ષા

કાયમી ધોરણે આયોજન : શાઈનીંગ સ્ટાર.. આધુનિક પાઠશાળા જૈનોલોજી સર્ટીફિકેટ કોર્સ ઉપરોક્ત વિવિધ આયોજનોમાં ૪૫૦૦ અધિક ગુરૂભક્તો-સમ્યગ્જ્ઞાન પ્રેમીઓ હોંશે હોંશે જોડાયા છે. પર્યુષણ બાદ ક્રમસર વિવિધ આયોજનોમાં જોડાયેલ સૌની પરીક્ષાઓ રહેશે. ઉત્તીર્ણ થનાર ભાગ્યશાળીઓનું વિશિષ્ટ બહુમાન કરાશે. વધુ વિગત સંપર્ક : ૦૨૨-૨૩૭૭૮૭૩૯

## પર્યુષણની આરાધના કરાવવા ગયેલ આરાધકો

વિદ્યાપીઠના ઉપક્રમે સોમચંદ વશનજી માલદે (દલતુંગી-વડોદરા), ચંદ્રેશ વિનોદ પોલડીયા(રંગપુર-ભાંડુપ) કાનપુર, ઉર્વશી નિતીન નાગડા (જખૌ-ડોંબિવલી) અંકલેશ્વર, વિજયાબેન ટોકરશી લોડાયા (જખૌ-ડોંબિવલી) નાનીખાવડી, સાધના મધુકર નાગડા (તેરા-જોગેશ્વરી) મોટીખાવડી, લીલાવતી દામજી દંડ (વરાડીયા-ડોંબિવલી) ચોપડા, હિરાવંતી લહેરચંદ ધરમશી (સુથરી) સાંયરા, હંસાબેન ખુશાલ શાહ (કોઠારા-ડોંબિવલી) લારકીન્સ નગર પર્યુષણ આરાધના કરાવવા ગયા હતા.

## શ્રી ભલારાદાદા યુવક મંડળ

શ્રી મુરજીભાઈ લોડાયાના અવસાન થયેથી મંડળના સર્વે કાર્યકર્તાઓએ આઘાત અને દુઃખની લાગણી અનુભવેલ. નાદુરસ્ત તબિયત છતાંય લાલપુર ભલારાદાદા સ્થાનના ઉત્થાન માટે સદાય તત્પર રહેતા. મંડળે સદ્ગતના આત્મશ્રેયાર્થે શાંતિ પ્રાર્થના કરી શ્રધ્ધાંજલિ અર્પી હતી.

## ક.દ.ઓ. મહિલામંચ-અમદાવાદ

મંચ દ્વારા તા.૨૭-૭-૧૨ના કાર્યક્રમમાં બ્યુટીટીપ્સ, ઓરીફ્લેમ પ્રોડક્ટસ્ વિષે ડેમો અને હાઉસી રમાડવામાં આવેલ. અલ્પાહાર શ્રીમતિ લક્ષ્મીબેન મહેશ ખત્રી તરફથી એમના જન્મદિવસ નિમિતે હતું.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ગદગ

તા.૨૭-૭-૧૨ના ૧૮ અભિષેકનો કાર્યક્રમ બપોરનાં ૧૨.૩૯ વાગે વિજય મુર્હૂતે યોજાયેલ. વિધિકાર કેશવજીભાઈ ધારશી ગડા એમની સંગીત મંડળી સાથે મુંબઈથી પધાર્યા હતા. વિવિધ લાભની ઉછામણીમાં ચંદ્રદર્શન શ્રીમતી પ્રજ્ઞાબેન નિતિન મારુ ૫૫૫ મણ. સૂર્યદર્શન શ્રી પુણ્યગુણ સમૂહ સામાયિક મંડળ-૪૦૧ મણ, અષ્ટપ્રકારી પૂજા, શ્રી સ્નાત્ર મંડળ-૪૫૧ મણ, આરતી શ્રી સુંદરજી દેવજી ગોસર-૩૩ મણ, મંગળ દીવો-શ્રી રતિલાલ હીરજી

ખમીએ ખમાવીએ સૌને ક્ષમાથી વેર ન રહે કોઇને...

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

છેડા ૩૦૧ મણ, શાંતિ કળશ શ્રીમતી ભાગ્યવંતીબેન સુંદરજી પાસડ-૧૦૦૧ મણ, સાંજે શ્રી વીરજી પાલણ ગાલાની ૧૫મી પુણ્યતિથિ નિમિતે એમનાં પરિવારજનો તરફથી ચઉવિહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. પ્રભુજીની સુંદર આંગી રચાઈ હતી તથા રાત્રે સંગીત મંડળીનાં સાનિધ્યમાં સંગીતની રમઝટ સાથે ભાવના ભાવનામાં આવી.. મહાજનશ્રી તરફથી પ્રમુખ ડૉ. પ્રદીપ સોમચંદ ખોના, ઉપપ્રમુખ શ્રી વિજય પ્રવીણચંદ લુઠીયા, સેક્રેટરી શ્રી જીતેન્દ્ર મોરારજી પટેલ, જોઈન્ટ સેક્રેટરી શ્રી સુધીર જવેરચંદ સોનીએ વિધિકાર શ્રી કેશવજીભાઈ અને મંડળી, શ્રી પંકજભાઈ તથા ભરતભાઈ વીરજી ગાલા તથા કાર્યક્રમ માટે સહાયરૂપ થનાર સર્વે કાર્યકર્તાઓનું પુષ્પગુચ્છથી સન્માન કરેલ.

દેરાસરની વર્ષગાંઠ નિમિતે તા.૨૮-૭-૧૨ના સવારનાં ૯ વાગે મહાજનશ્રી તરફથી શ્રી સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી. તથા બપોરના ૧૨.૧૫ વાગે ધ્વજા ચઢાવવામાં આવી હતી.. ધ્વજા ચઢાવવાનો લાભ ૬૬૬૯ મણમાં શ્રીમતી જયવંતીબેન કાંતિલાલ નાગડા (મુંબઈ-જખૌ) તથા માતુશ્રી મીઠીબાઈ ભવાનજી પદમશી મોમાયા (હુબલી-સાંયરા) એ લીધો હતો.. બપોરનાં મહાજનશ્રી તરફથી સર્વેને નાઠીગુઠી જમણનું આમંત્રણ હતું. શ્રીમતી નિશાબેન નલીન મોતા દ્વારા પ્રભુજીની સુંદર મનોહર આંગી રચાઈ હતી તથા રાત્રે ભાવના ભાવવામાં આવી હતી.

## "શ્રી પાર્શ્વનિકેતન" રજતજયંતિ મહોત્સવ

અત્રે મહાજનશ્રીની રહેણાંક ઇમારત શ્રી પાર્શ્વ નિકેતનની ૨૫મી વર્ષગાંઠ (રજત-જયંતિ) નિમિત્તે એનાં નિવાસીઓ તરફથી તા.૫-૮-૧૨ના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

સવારના ૧૦ વાગે શ્રી સ્નાત્રપૂજા તથા શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા શ્રી પાર્શ્વ કેડી.ઓ. હૉલમાં ભણાવવામાં આવી.

બપોરના સર્વેને નાકીગુઠી જમણનું આમંત્રણ હતું. પ્રભુજીની આકર્ષક આંગી રચવામાં આવી હતી.. આંગી રચના આશીષ દિનેશ ઘરમશી, મોનીકા સંજય મોતા તથા પાયલ ગિરિશ નાગડાએ કરી તેના ફોટા આશિષ ઘરમશીએ ફેસબુકપર પોસ્ટ કર્યા છે. રાત્રે ૮ વાગે સંગીતમય કર્ણપ્રિય સુંદર સ્તવનો સાથે ભાવના કરી.. ભાવના બાદ મહાજનવાડીમાં દાંડીયારાસ રાખવામાં આવેલ.. આ રીતે પાર્શ્વનિકેતનનો રજત-જયંતિ મહોત્સવ યાદગાર બન્યો હતો.

## પૂ. મુનિ નિર્ભયરત્નવિજયજી

પૂ.આ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. સમુદાયના તાત્ત્વિક પ્રવચનકાર, તપસ્વીરત્ન પુ.મુનિ શ્રી નિર્ભયરત્નવિજયજી મ.સા. (સંસાર પક્ષે માતુશ્રી નવલબેન જેતશી શિયાલ-દલતુંગીના સુપુત્ર) વર્ધમાન તપની પંચાવનમી આયંબિલ આરાધના નિર્વિઘ્ને પૂર્ણ કરેલ છે. ઓળીનું પારણું તા.૧૭-૮-૧૨ના મલાડ (ઇસ્ટ)માં દેવચંદ નગર ઉપાશ્રયે થયું.

## અરીહંત બેંકને દ્વિતીય પારિતોષિક

અરીહંતબંકને ધી બૃહદમુંબઈ નાગરી સહકારી બેંક્સ એસોસીયેશન-મુંબઈ તરફથી વર્ષ ૨૦૧૦-૧૧ માટે બેસ્ટ મેનેજમેન્ટનું દ્વિતીય ઇનામ અને ટ્રોફી એનાયત થયેલ.

## જ્ઞાતિછાત્રો માટે શૈક્ષણિક લોન

જ્ઞાતિની સર્વ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સંયુક્ત ઉપક્રમે સમસ્ત જ્ઞાતિભરના છાત્રો માટે SSC અને તે પછીના ઉચ્ચ અભ્યાસ કરતા છાત્રો માટે તમામ પ્રકારે શૈક્ષણિક સહાયતા માટે લોન આપવાનું શરૂ કરાયું છે. એ માટેની અરજીઓ ઘાટકોપર (વે) માં શ્રી વી.લ. વિદ્યાર્થીગૃહના કાર્યાલયેથી મળશે અને ભરીને ત્યાં જ આપવાની છે. આ લોન વગર વ્યાજની રહેશે. ૫૦% થી ઓછા માર્ક લાવનારા છાત્રોને પણ તેમની અન્ય વિગત જોઈ લોન અપાશે. કચ્છના વિદ્યાર્થીઓને મે. ખીમજી કુંવરજી એન્ડ કાં, શ્રી પદમશીભાઈ લાલકા-ગાંધીધામથી ફોર્મ મળશે. તા.૨૬-૮-૧૨નાં સવારે ૧૦ વાગે ભારતનગરમાં નવી મહાજનવાડીમાં ઇન્ટરવ્યુ લેવાશે.

## પંચ પ્રતિક્રમણ સાર્થ પુસ્તક

પૂ. ગચ્છાધિપતિશ્રીના પ્રેરણા-માર્ગદર્શને શ્રી રાયચંદ હંસરાજ ઘમશી (સુથરી) પરિવાર દ્વારા સાર્થ પંચ પ્રતિક્રમણ સૂત્ર પુસ્તક તૈયાર કરાયું છે. જે રૂા.૧૫૦ના રાહતભાવે ઇચ્છુકોને શ્રી અનંતનાથ દેરાસર-મુંબઈ-૯, શ્રી રાયચંદભાઈ ઘરમશી પ્રભાદેવી ઓફિસેથી કે સ્ટીચએલ-મુલુન્ડ (વે) માંથી મળી શકશે.

## શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

મુંબઈ મહાજન અંતર્ગત શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિજનો માટે મેડીક્લેમ વીમો કઢાવી આપવામાં આવે છે. જરૂરીયાતમંદોને મેડીકલ સહાયતાર્થે મદદ અને લોન અપાય છે. મેડીકલ પ્રશ્નોમાં માર્ગદર્શન અપાય છે. હવે ભાંડુપમાં મેડીકલ ચેક અપ કેન્દ્ર શરૂ કરવાની ભાવના છે.

## માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ

મુંબઈ મહાજન અંતર્ગત આ ગૃહઉદ્યોગ ટ્રસ્ટ દ્વારા મસ્જીદબંદર, ભાંડુપ, ડોંબિવલી કેન્દ્રોપર ગૃહઉદ્યોગનાં ઉત્પાદનોનું વેંચાણ ચાલુ છે. ગૃહઉદ્યોગમાં કામકાજ માટે જ્ઞાતિબહેનો માટે નોકરી ખાલી છે.

## મુંબઈ મહાજનની એજ્યુસપાર્ક શિક્ષણ સમિતિ

ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વગર વ્યાજની લોન અપાય છે. શૈક્ષણિક કારકીર્દી માર્ગદર્શન આપવામાં આવે છે. જ્ઞાતિસ્તરે જ્ઞાતિછાત્રોને નિયત અરજીપત્રક ભરવાથી જૈન માયનોરીટીનો સર્ટીફીકેટ બનાવી અપાય છે. મુંબઈ-ભાંડુપમાં જ્ઞાતિછાત્રોને નિશુલ્ક બેઝીક કોમ્પ્યુટર કોર્સ શીખવવામાં આવે છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

મહાજનશ્રી દ્વારા ધાર્મિક પાઠશાળા કે ટ્યુશન માટે ધાર્મિક શિક્ષણ લેવા કે આપવા ઈચ્છુકો સંપર્ક કરી નજીકમાં કેન્દ્ર બનાવી લાભ લઈ શકે છે. કચ્છ ચૈત્યદર્શન અને ગુરૂવંદનાર્થે તા.૨૮-૯ થી ચાર દિવસીય યાત્રાપ્રવાસનું આયોજન છે. જ્ઞાતિજનોને નોકરી મેળવવા અને યોગ્ય સ્ટાફ અપાવવા મહાજનની જોબ જંક્શન સમિતિ મદદરૂપ થાય છે. મહાજનશ્રી દ્વારા ૯૯મો સમુહલગ્ન તા.૧૬-૧૨-૧૨નાં છે. ઈચ્છુકોને નામ નોંધાવવા જણાવાયું છે.

મુંબઈ મહાજનના ઉપક્રમે તા.૨૬-૮-૧૨નાં ઘાટકોપરમાં ઝવેરબેન સભાગૃહમાં અઠ્ઠાઈ અને તેથી વિશેષ તપના તપસ્વીઓની સમુહસાંજી સમુહ ક્ષમાપના આદિ કાર્યક્રમો છે. સર્વેને પધારવા આમંત્રણ છે. મહાજન દ્વારા તા.૧૪-૧૧-૧૨ના કેરાલા પ્રવાસ યાત્રા છે. તા.૧૬-૧૨-૧૨નાં કાંજુરમાર્ગ અનંતનાથ કોમ્પ્લેક્સ ગ્રાઉન્ડમાં સમુહલગ્ન છે.

## બેંગ્લોરમાં દર્શાવાઈ – "પપ્પા, તુમ્ કહોં હો..."

બેંગલોર અચલગચ્છ જૈન સંઘમાં સંભવનાથ ભવનમાં શ્રી યુગરાજ જૈનની વર્તમાનમાં છુટાછેડા, આંતરજ્ઞાતિય લગ્નો આદિ દુષણો સામે સામાજિક વિચાર પ્રેરક સંદેશ આપતી સંબંધોમાં સાવધાનની લાલબતી દર્શાવતી ફિલ્મ "પપ્પા, તુમ કહોં હો? દર્શાવાઈ હતી. યુવાપેઢીને વિચાર કરી મુક્તી અને દેશભરમાં આંતરજ્ઞાતિય લગ્નો સામે ઝુંબેશ પડકારતી આ ફિલ્મ જોવા જેવી છે.

પૂ. મુનિ દેવરત્નસાગરજી બેંગ્લોરમાં જૈન-અજૈન સર્વે સમાજોને પ્રેરક પ્રવચનો દ્વારા ધર્મ જાગૃતિમાં પ્રભાવિત કરી રહ્યા છે.

## શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી

મંડળ દ્વારા તા.૨-૯-૧૨ના એક દિવસીય ચૈત્યપરિપાટીમાં મુંબઈના દેરાસરોના દર્શન કરાવાશે. જેમાં સંપર્ક સમિતિના સર્વે કાર્યકરો, મંડળની વ્ય. સમિતિ, સીનીયર સીટીઝન જોડાશે. તા.૧૫-૮-૧૨નાં મંડળનાં કાર્યાલયે સ્થાપનાદિન નિમિતે મહાકાળીની ભાવના ભણાવાઈ. તા.૨૨-૯-૧૨નાં બપોરે ૩ વાગે માહુલી હોલ, એમઆઈડીસીમાં મહાકાલીમાની ૩૬માં વાર્ષિકોત્સવ નિમિતે ભાવના અને તા.૨૩-૯-૧૨નાં સવારે ૯.૩૦ વાગે પાટીદાર સમાજ હોલ, રીજેન્સી પાસે, કલ્યાણ-શીલ રોડ, ડોંબિવલીમાં ૩૬મો વાર્ષિકોત્સવ, સ્નેહમિલન, શૈક્ષણિક ઇનામ સ્વામીવાત્સલ્ય જમણ તપસ્વી બહુમાન, દાંડીયારાસ રહેશે. સર્વેને પધારવા આમંત્રણ છે.

તા.૨-૯-૧૨ દ્વારા મંડળની મહિલા પાંખ દ્વારા યાત્રા પ્રવાસ છે.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલી

અત્રે સંઘના સુવિધિનાથ જિનાલયે અને કોપરરોડ મુનિસુવ્રત જિનાલયે પર્વની ઉજવમીમાં પૂ.સા. શ્રી હર્ષગુણાશ્રીજી આ.ઠા.ની નિશ્રામાં રૂડી ધર્મ આરાધના થઈ. દરરોજ પુજ્યશ્રીએ સુંદર જિનવાણી વ્યાખ્યાનનો લાભ આપ્યો. સંઘમાં વિવિધ ચડાવા લાભ લઈ વિવિધ અનુષ્ઠાન થયા. વ્રત, તપ-જપની સુંદર આરાધના થઈ. ઘૃતની ઉમંગે ઉછામણીઓ થઈ. વિવિધ સ્થળે સાંવત્સરિક પ્રતિક્રમણ થયા. ચોથના તપસ્વીઓને સમુહસાંજી અને પ્રભાવના આપી અનુમોદના થઈ. કલ્પસૂત્ર, બારસોસુત્ર વાંચન અને દરેક કાર્યક્રમમાં ભવનના વિવિધ હોલ છલકાયા. દરરોજ ભક્તામર પઠન, સ્નાત્ર પુજા, મોટીપુજા, વ્યાખ્યાન પ્રભાવના બન્ને ટાઈમ પ્રતિક્રમણ આંગી, ભક્તિ ભાવના અને પાઠશાળાના બાળકોએ વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા.

છઠ્ઠના દ્વારોદ્ઘાટન ત્રણે જિનાલયોના અષ્ટપ્રકારી પુજાના વાર્ષિક ચડાવા, સમુહક્ષમાપના અને યુવાપાંખ દ્વારા આંગીરચના અને સંઘમાં અનુમોદનીય ઘૃત ઉછામણી થઈ.

સંઘના માનદમંત્રી શ્રી પ્રવીણ લોડાયાએ કુશળતાપુર્વક પ્રવૃત્તિઓનું સંચાલન કર્યું. સંઘને વિવિધ નકરા/યોજનામાં ઉદાર ભાવે ફાળો નોંધાવી સર્વસાધારણ ફંડને મજબુત બનાવવા અપીલ કરાઈ છે.

સંઘનું સુવિધિનાથ જિનાલયે અચલગચ્છભવન ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમો, મીટીંગો અને પ્રાર્થનાસભા ભાવ યાત્રા માટે નિયમાનુસાર અપાય છે.

## સખીવૃંદ-પુના

જુલાઈની સભા સૌ. નયનાબેન નવીનચંદ્ર હેફ્રાના ઘરે યોજાયેલ તેમણે બધી સખીઓને સંઘપુજન કરી આવકારેલ. પ્રારંભમાં સૌ. ભાવિનીએ ૨૪ ભગવાનના સ્તુતિરૂપે જાપ કર્યા પછી માનસશાસ્ત્રી સૌ. ભાવિકાએ બાળઉછેર (પેરન્ટીંગ) વિષે વિવિધ પાસોઓની સમજણ આપેલ જેમાં નાની ઉંમરથી સારી વાણી, આદતો અને વર્તણુંક માટે કેળવની, શાળાના ગૃહકામ કે દૂધ અંગે અણગમો દૂર કરવાના ઉકેલો સમજાવ્યા હતા અને બહેનોના પ્રશ્નોના નિરાકરણ રૂપે માર્ગદર્શન આપેલ. ત્યારબાદ નયનાબેને રમતો રમાડી જેમાં સરલાબેન લોડાયા, ચંદ્રિકા રતાણી, શ્વેતા ડાગા, પુષ્પા લોડાયા અને મીરા મોમાયા વિજેતા નીવડ્યા હતા.

અંતમાં આ મહીનાના બ્યુટી પેંજન્ટના ટોપિક Mrs. Congeniality ("સહૃદય વ્યક્તિત્વ") જેમાં પ્રસન્નતા, સામાજિકતા પ્રતિભાત્વ, લાગણીશીલતા અને મૈત્રીસભરતા એ પાંચ ગુણો ધરાવતી વ્યક્તિ તરિકે, હાજર બહેનોના મતાનુસાર, સૌ. કલ્પના લાપસીયાની પસંદગી કરવામાં આવેલ તેના ઉપલક્ષમાં તેમને અન્ય ક્રમાંકિત બહેનો દ્વારા Mrs. Congenialityનો સેસ પહેરાવવામાં આવેલ. બીજું સખીવૃંદના વર્ષાંત કાર્યક્રમમાં યોજાતી પ્રોફેશનલ મિટિંગમાં ડ્રાયફ્રુટનો બુકે બનાવવાના વર્કશોપ માટે પ્રત્યક્ષીકરણ કરવા મુંબઈ (ઘાટકોપર)થી સૌ. હીના મૈશેરી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વૃંદની બહેનોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો, જેમાં વ્યવસ્થાકાર્યમાં કલ્પના લાપશીયા તથા નલિનીબેન લાપસીયાએ સહયોગ આપેલ.

## ગહુંલી સંગ્રહ બુક વિતરણ

પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં અનંતનાથ જિનાલયે ગહુંલી સંગ્રહ બુકનું વિમોચન કરાયું. માતુશ્રી માનબાઈ દામજી મૈશેરીની ૧૦મી પુણ્યતિથીએ તેમના સ્મરણાર્થે પ્રકાશિત આ ગહુંલી સંગ્રહમાં શ્રી દામજી ચત્રભુજ ધરમશીની રચેલી કૃતિઓનું સંકલન કરાયું છે. આ પુસ્તક જ્ઞાતિજનો માટે નિશુલ્ક વિતરણ કરાય છે. પ્રાપ્તિસ્થાન : પિયુષ દામજી ધરમશી, ૭ ખોના નિવાસ, વાલજી લધા રોડ, મુલુન્ડ (વે), ભાવિકા ચિંતન ધરમશી, અનંત ભોઈર નિવાસ, ચીંચોલીપાડા, સુભાષ રોડ, ડોંબિવલી (વે), લહેરચંદ દામજી મૈશેરી, શોપ ૨, સુરેન્દ્ર સાંઈનાથ નિવાસ, RHB રોડ, મુલુન્ડ (વે), હુકમચંદ લક્ષ્મીચંદ છેડા અનંતસિધ્ધિ, LBS માર્ગ, ભાંડુપ (વે), મહેન્દ્ર ઉમરશી ધરમશી, મહાવીર એપા., પંતનગર, ઘાટકોપર (ઇ).

## કાવ્ય-પ્રકાશ : કચ્છડો કરે પોકાર...

(રાગ : કાફી)

કચ્છડો કરે પોકાર,  
વસ દે ઘણી તું દાતાર... કચ્છડો...  
પાછા કુલા રીસાણાં અયો?  
વઠા ન અંઈ તલભાર... કચ્છડો...  
ગાયું-મૈયું ખીર છડે વૈયું,  
માડુ કરીયેતાં વિચાર... કચ્છડો...  
પન્ન ખુટ્ટાને અન્ન ખુટ્ટા,  
ખુટ્ટા ઈ જલ આધાર... કચ્છડો...  
હાણેં હિંમત હટી વિનેતી,  
સામે આયો કાળ.... કચ્છડો...  
ગીરવી રખેલા નાંય ધાગીનું,  
ગોવિંદ કર તું વહાર... કચ્છડો...  
હાણે સીમા ન રૈ મોંઘારતજી,  
"વસ" દે તું દાતાર... કચ્છડો...  
મોત હલી આયો "રશ્મિન"ચેં  
ઈશ્વર તું તા ઉગાર... કચ્છડો...

*- રશ્મિન ખોના*


## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી-૩**

**આઠમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઇનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1701 | હોન્ડા સાઈન | કોમલ હેમલભાઈ ગોહેલ-ધોરાજી | લેરીશભાઈ માકડીયા |

કોમ્પ્યુટર સેટ: ૫૦૪, હેન્ડીકેમ કેમેરો : ૬૦૫, ફ્રિઝ ૨૩૦ લિ. ૪૨૧, આટા મેકર : ૨૨૦

**-: આશ્વાસન ઈનામો :-**

(૧. ફ્રિઝ) : ૧૫૧૮, (૨.ટીવી) : ૧૯૭૧, (૩.વોશીંગ મશીન) : ૧૧૬૨,
(૪ થી ૫ ઓવન) : ૧૦૨૧, ૨૫૮
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૧૦૦૦, ૧૬૪૮, ૧૦૭૮, ૧૭૬૧, ૧૮૧૮,
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૪૩, ૬૭૦, ૧૭૫૧, ૧૮૧, ૧૬૫૫
(૧૬ થી ૨૫ સેન્ક્વીચ મેકર) : ૭૫૧, ૧૬૮૯, ૧૮૧૧, ૮૭૬, ૧૨૪૭, ૧૦૨૨, ૩૨, ૪૫૨, ૧૭૯૩, ૫૬૫
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૭૯૫, ૧૬૯૪, ૧૭૨૭, ૧૨૯૭, ૧૧૦૪, ૬૬૭, ૬૮૬, ૧૭૭, ૭૮૩, ૧૧૬૧
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૫૦૨, ૧૯૬૧, ૪૧૦, ૫૯૯, ૧૩૭૨, ૧૩૬૮, ૪૫૪, ૧૭૬૯, ૧૦૬૧, ૪૫૫
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૩૯૯, ૧૧૪૧, ૧૨૭૨, ૮૪૯, ૫૮૭, ૭૬૧, ૧૩૧૬, ૨૬૪, ૧૨૧૮, ૭૩૧, ૨૮૩, ૬૦૨, ૧૮૦૪, ૯૬૯, ૧૬૨૩, ૧૦૯૭, ૧૭૫૯, ૬૦૬, ૧૧૮૦, ૧૬૯૧
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૧૫૯૨, ૧૭૦૯, ૬૨૯, ૧૦૨૦, ૮૪૮, ૧૬૫૦, ૭૦૫, ૧૯૦૪, ૧૮૫૭, ૧૨૦૩, ૪૪૪, ૯૪૪, ૧૯૩, ૯૫૪, ૧૪૮૨

**નવમી મિટિંગ તા.૧૪-૮-૧૨ એકમ ભવન ભુજ મધ્યે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઇનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ. મો.:99065 47953 E-mail: sundevelopers.co.in**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ, મુળ ગામ લખવું. નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**વિજય ચીમનલાલ ધરમશી (સાંયરા)** ૩૦૨ વિપુલનિવાસ, તેલકોષવાડી, જુના ડોંબિવલી રોડ, ડોંબિવલી (વે)-૪૨૧૨૦૨

**કાશ્મીરાબેન એમ. લોડાયા (સાંધવ)** અચલગચ્છ સોસાયટી, પ્લોટ ૩/૪ ડી, સર્વે નં.૨,મહાવીર નગર,અંતરજાળ, આદિપુર(કચ્છ)-370205

**મનીષ કે. મોતા** ૫, નિર્મલપાર્ક, પ્લોટ ૧૪-૧૫/બી, સુરજનગર, મુંદ્રા રોડ, બારોઈ (કચ્છ)

**તરલાબેન એચ. મોમાયા** ૨૦૩, મહાવીર એપા., વી.એન.પુરવ માર્ગ, નારાયણનગર, ચુનાભટ્ટી (ઈ), મુંબઈ-૪૦૦૦૨૨

**કુલીનકાંત હીરજી દંડ** ૯, અતરવાલા કમ્પાઉન્ડ, રેલ્વેસ્ટેશન રોડ, ઉજ્જૈન-૪૫૬૧૦૧

**રાજેશ શાંતિલાલ શિયાડ** બી-૧૩ કાર્તિક સદન, સાવરકર રોડ, રામચંદ્ર ટોકીઝ પાસે, ડોંબિવલી (ઈ) ૪૨૧૨૦૧ ફોનઃ ૭૨૭૬૨૯૦૯૧

**હરીશ કુંવરજી મૈશેરી** પાર્શ્વ, દશરા મૈદાન રોડ, કોશુંબા વિહાર, અમરાવતી-૪૪૪૬૦૧. ફોન ૯૮૯૦૩૧૮૫૯૫

**ગુલાબ વીશનજી છેડા (સુથરી)** ૮૦૩, અંબર પ્રાઇડ, પાંડુરંગવાડી, દેરાસર પાસે, નાંદીવલી × રોડ, ડોંબિવલી (ઇ) મો.:૯૭૬૯૯૩૯૨૩૫

**દિલીપ કુંવરજી મોમાયા (જખૌ)** ૪, જનાર્દન નિવાસ, કોપર ગાંવ, કોપર રોડ, ડોંબિવલી (વે) મો.:૦૯૭૦૨૧૫૨૮૯૦

**વિજય ચીમનલાલ મોમાયા** ૧૮ વર્ધમાન હાઇટસ્ , રૂપાભવાની રોડ, સોલાપુર-૪૧૩૦૦૨

**કિરીટ મણીલાલ** ૬, શ્રધ્ધાનિલય, ઉદગીરી ગલી, પુર્વ, મંગલવાર પેઠ, સોલાપુર-૪૧૬૦૦૨

**રાજેન મણીલાલ ખોના (સુથરી)** ૫૦૪, સાધના ટૉવર, મુલુંડ-ગોરેગામ લિંક રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦ મો:9323126038

**ભાવિન કિરણ ધરમશી** ૧૦૬, તિરૂપતી અપાર્ટમેન્ટ, ભુસારઅલી, કલવા (વે)-૪૦૦૬૦૫ મો:૯૭૦૨૬૯૯૫૮૮

**રોનક ધનરાજ લોડાયા (સાંયરા)** ૩ ગુરૂકૃપા, બેલાપનવાર નગર, હુબલી-૫૮૦૦૨૦ મો:8892497966, 9739612975

**પંકજ કે. લોડાયા** માંગલ્ય બિલ્ડીંગ ૧લે માળે, શાહુ નગર, ભડગાંવ રોડ, ચાલીશગામ૦૪૨૪૧૦૧

**વિમલ પદમશી શિયાલ** પ્લોટ ૫-૬-ડી, અચલગચ્છ સોસાયટી, મહાવીરનગર, સર્વે ન.૨, અંતરજાળ, આદિપુર-૩૭૦૨૦૫ મો:9909722795

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| જય હીરાચંદ સોની-ચાલીસગામ | ૯૮૬૦૪૭૭૦૪ | હેમંત હીરાચંદ સોની-ચાલીસગામ | ૯૨૨૬૫૮૧૯૧૮ |
| વીરચંદ હીરજી લોડાયા-ડોંબિવલી | ૨૮૮૦૫૭૦ | | |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫-૭-૧૨ | અમદાવાદ | MDMA011703 | પ્રાચિ-નિશાંત દિલીપ મૈશેરી | માંડવી | કન્યા |
| ૧૦-૪-૧૨ | હૈદરાબાદ | VKSO020803 | યશ્વી-સંદીપ કુલીન સોની | વાંકુ | કન્યા |
| ૩૧-૭-૧૨ | આદિપુર | SUMT030503 | ધ્યાના-ધવલ અતુલ મોતા | સુથરી | કન્યા |
| ૨૩-૫-૧૨ | ભાયંદર | BRGS010203 | કાવ્યા-પ્રશાંત સોમચંદ ગોસર | બારોઈ | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨-૮-૧૨ | હુબલી | JKDH011303 | ભાવિન કિરણ ધનજી ધરમશી | જખૌ | ૨૬ |
| | વડોદરા | NLNG280604 | જિનલ રાજેશ રામજી નાગડા | નલીયા | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૭-૧૨ | સિધપુર | KRLO010304 | ભવ્ય નિશીથ ભવાનજી અજાણી | કોઠારા | ૨૯ |
| | ત્રીવેન્દ્રમ | A | ભાવના સુભાષ બાંઠીયા | કોટા | ૨૮ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮-૮-૧૨ | બોરીવલી | NLCD110502 | ભારતીબાઈ દીપક ખીમજી છેડા | નલીયા | ૬૭ |
| ૯-૮-૧૨ | સોલાપુર | VVVK | હિરવંતી હેમંત ખીમજી વિકમશી | વારાપધર | ૪૭ |
| ૧૦-૮-૧૨ | મુલુંડ | GEGS040101 | વિશનજી જેઠાભાઈ મોરારજી ગોસર | ગોએરસમા | ૮૫ |
| ૧૨-૮-૧૨ | કોઇમ્બતુર | VRDA011701 | સુનીલ દેવશી વીરજી ડાઘા | વરાડીયા | ૫૪ |

# શ્રી અરિહંત કો-ઓપ. બેંક લી. ની
# ૨૯મી વાર્ષિક સામાન્ય સભા (તા.૪-૮-૨૦૧૨)



Valuable Customers સાથે દીપ પ્રાગટ્ય કરતા બેંકના ચેરમેન શ્રી કુમાર દંડ તથા ડાયરેક્ટરો



બહોળી સંખ્યામાં ઉપસ્થિત શેરધારકો



સંચાલન કરતા દિપ્તી મોમાયા (ડાયરેક્ટર)




વાર્ષિક સભામાં મીનીટ્સનું વાંચન કરતા શ્રી એમ.સી. શેટ્ટી (સીઈઓ) અને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ



વાર્ષિક સભાને સંબોધતા
શ્રી કુમાર દંડ (ચેરમેન)




સભાના અંતે આભારવિધિ કરતા શ્રી કલ્યાણજી ચાંપશી છેડા (વાઈસ ચેરમેન)




મહાનુભાવો સાથે બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન તથા ડાયરેક્ટર્સ




શ્રી પી.કે. ઓઝા (Ex-CEO)નું અભિવાદન કરતા બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન તથા સીનીયર ડાયરેક્ટર

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# શ્રી અરિહંત કો-ઓપ. બેંક લી. ની ૨૯મી વાર્ષિક સામાન્ય સભા




શ્રી કિરીટ શાહ (Ex-CTO)નું અભિવાદન કરતા
બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન તથા સીનીયર ડાયરેક્ટર



શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાર્થીઓનું અનુમોદન કરતા
શ્રી નીતીન શાહ (ડાયરેક્ટર)



વિદ્યાર્થીઓનું શિક્ષણક્ષેત્રે અભિવાદન કરતા શ્રી ધનેશ કે. મોમાયા (ડાયરેક્ટર)



વિદ્યાર્થીઓનું અભિવાદન કરતા શ્રી મહેન્દ્ર ડી. ખોના (સીનીયર ડાયરેક્ટર)




શ્રી અરિહંત બેંકના હાલનાં સર્વ ડાયરેક્ટરો



શ્રી અરિહંત બેંકનું કર્મચારીગણ

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**